ગુજરાતી સામયિક

Gujarati Magazine

# શબ્દમ

એક વિચાર

વિશેષાંકઃ વઢવાણનો ઐતિહાસિક શબ્દ પ્રવાસ

માનવ સભ્યતા અને ઇતિહાસને સાથે લઇ વિકસતું

## ‘વઢવાણ’

### એક શહેર







SHABDAM EK VICHAAR

Published by Raval Rajendrakumar
Printed by Rameshbhai Patel at Capital Offset, Plot No. L 801/1, GIDC, Sector-28, Gandhinagar, GUJARAT - 382028
Owned by Jyoflikk Mass Media & Communication Private Limited
Editor: Raval Rajendrakumar
Published: **101, Angi-4, 1, Rajmugat Society, Naranpura Cross Road, Naranpura, Ahmedabad, Gujarat - 380013 India.**
Publishing: November
Under jurisdiction : Ahmedabad. GUJ

સત્યમેવ જયતે

**ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



તા. ૦૪-૧૧-૨૦૨૫

## સંદેશ

ગૌરવશાળી ઇતિહાસથી ઉજાગર 'વઢવાણ' નગર વર્તમાનમાં પણ ગુજરાતના પ્રાચીન રજવાડાઓમાં અલાયદું સ્થાન ધરાવે છે. અત્રે રહેલા પ્રાચીન મહેલ, મહાલય, મંદિર તેમજ ધાર્મિક સ્થળ, કૂવા અને વાવ આજે પણ અનેક ઐતિહાસિક ઘટનાઓનું મર્મસ્થાન હોવાનું ચર્ચાય છે. **આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** દેશની અનેક પ્રાચીન ધરોહરોની જાળવણી કરવાના હિમાયતી રહ્યા છે. એ જ પ્રકારે એક સમયના ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા વઢવાણ સ્ટેટના સ્મારકો વિશે માહિતીનો પ્રચાર-પ્રસાર તેમજ તેનો રખરખાવ સ્થાનિક ધોરણે કરવામાં આવે તે જરૂરી છે.

સરકારના વિવિધ વિભાગો તથા ગુજરાતની ધરતી પર જનતા-જનાર્દન વચ્ચે સેતુરૂપ બનેલું ગુજરાતી સામયિક **"શબ્દમ્ – એક વિચાર"** દીપાવલી નૂતન વર્ષ વિશેષાંક આવૃત્તિ પ્રકાશિત કરી રહ્યું છે તે જાણી આનંદ થયો. આ અંકમાં ગુજરાતની અસ્મિતાના કારક એવા વઢવાણ નગરની માહિતીનો સંપુટ ધરાવતી ઉપયોગી વાંચન સામગ્રી, વિશેષ લેખ, ભારતીય સંસ્કૃતિ, લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારો, લેખકો, વિદ્વાનો, કવિઓની કૃતિઓ વગેરેનો સમાવેશ ધરાવતી બહુવિધ રંગારંગ માહિતી સર્વે વાચકોને પસંદ આવે તથા **દીપોત્સવી અંક**ના પ્રકાશન નિમિત્તે શબ્દમ્ સામયિકની સમગ્ર ટીમ તથા તેમાં સંકળાયેલા તમામ પરિવારોને દિવાળી પર્વ આનંદમયી તથા આવનારું નૂતનવર્ષ ઉલ્લાસમય નીવડે તેવી શુભકામના પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

**Shree Rajendrabhai Raval,** *Editor-in-Chief,*
*Shabdam Magazine,*
F-203, Astha Opal, Nava Wadaj,
Ahmedabad-380013.
Email: shabdaam@gmail.com, rajendrrvl50@gmail.com
Mo: 9879267660, 9879599081
Rs/ab/2025/11/04/apro

# CONTENT-કન્ટેન્ટ


07 રાજ્યના વિકાસ માં શહેરો નું યોગદાન

08 એડિટોરિયલ: ગુજરાત: પ્રાચીન અને આર્થિક મહત્વ ધરાવતા શહેરો

09 વૈભવશાળી વઢવાણ

12 માનવ સભ્યતાનું સાક્ષી એક શહેર : વઢવાણ

15 લોકમાન્યતા અને ઈતિહાસ

17 આઝાદી પહેલા વઢવાણના આગેવાનો

20 જૈન પરંપરાનું મહત્ત્વનું કેન્દ્ર : વઢવાણ

23 30 - 32ની લડત

28 વઢવાણ રાજ્ય

30 સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિકસિત ગુજરાત માટેનું યોગદાન

38 પ. પૂ. વલ્લભભાઈ નો પત્ર

39 રાશિવાર ભવિષ્યકથન

सत्यमेव जयते

# શુભેચ્છા સંદેશ



**શ્રી ડૉ. રાજેન્દ્રકુમાર પટેલ**
**કલેક્ટર**
**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના ગૌરવમય ઐતિહાસિક શહેર વઢવાણના ઐતિહાસિક, સાંસ્કૃતિક વારસો અને ભવ્ય ભૂતકાળને શબ્દમ્ "એક વિચાર" અંક દ્વારા સુંદર, વૈભવી અને પ્રેરણાદાયી રીતે રજૂ કરવા બદલ હાર્દિક અભિનંદન!

"વઢવાણ એક હેરીટેજ શહેર" આ પુસ્તક વઢવાણના ગૌરવમય ઈતિહાસ અને સમૃદ્ધ વારસાને નવી રીતે રજૂ કરે છે. આ શહેર, જે ઝાલાવાડનું હૃદય છે, તેની પ્રાચીન વાસ્તુકળા અને જૈન સંસ્કૃતિ દ્વારા આપણને અતીત સાથે જોડે છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકા આ વારસાના સંરક્ષણ માટે પ્રતિબદ્ધ છે, અમે તેને આધુનિક વિકાસ સાથે જોડીને ટકાઉ ભવિષ્ય ઘડવા પર કામ કરી રહ્યા છીએ. વઢવાણની આ ધરોહર આપણી બધાની સંપત્તિ છે.

સુરેન્દ્રનગર જિલ્લા વહીવટ તંત્ર આ શહેરના સંરક્ષણ અને વિકાસ માટે સતત પ્રયાસરત છે. આ પુસ્તક વઢવાણને વિશ્વમાં નવી ઓળખ આપે તેવી કામના સાથે તેના વારસાને જીવંત રાખવા માટે સૌને આમંત્રણ છે.

6/11/2025

ડૉ. રાજેન્દ્ર કુમાર એમ. પટેલ
વહીવટદાર, સુરેન્દ્રનગર મહાનગરપાલિકા
અને કલેક્ટર, સુરેન્દ્રનગર



**ડૉ. નવનાથ ગવ્હાણે** (IAS)

# શુભેચ્છા સંદેશ

બે હજાર વર્ષ જૂનું આ હેરિટેજ સિટી - વઢવાણ વઢવાણનું નામ લેતાં જ રાજમહેલની ભવ્યતા. હવામહેલની શોભા અને ભોગાવોના કાંઠાની શાંતિ યાદ આવે છે. સુરેન્દ્રનગર જિલ્લાના ગૌરવમય ઐતિહાસિક શહેર વઢવાણના ધનાષ્ય ઐતિહાસિક, સાંસ્કૃતિક વારસો અને ભવ્ય ભૂતકાળને શબ્દમ્ "એક વિચાર" અંક દ્વારા અત્યંત સુંદર, વૈભવી અને પ્રેરણાદાયી રીતે રજૂ કરવા બદલ હાર્દિક અભિનંદન!

આ પુસ્તક દ્વારા વઢવાણના હેરીટેજને શબ્દોમાં અમર કરવાનો નોબલ પ્રયાસ થયો છે. મૈત્રક શાસનથી લઈને આધુનિક ગુજરાત સુધીના અમર ઈતિહાસ, પ્રાચીન વેપાર કેન્દ્ર ધાર્મિક મહત્ત્વ અને સ્થાપત્ય કલાના નિર્માણોને આ પુસ્તક દ્વારા વાચકો સુધી પહોંચાડીને આપણી સાંસ્કૃતિક જાગૃતિ અને વારસા સંરક્ષણના પ્રયાસોને નવી ઊંચાઈ આપી છે. જે આગામી પેઢીઓને તેના વારસા તરફ માર્ગદર્શન આપશે. જેથી તે ગુજરાતનું અમર જ્ઞાનભંડાર બને

વઢવાણ જેવા હેરીટેજ શહેરો આપણી ઓળખ છે. વઢવાણ જેવા ઐતિહાસિક રત્નોના પ્રચાર-પ્રસારથી પર્યટન, સ્થાનિક અર્થતંત્ર અને યુવા પેઢીમાં ગૌરવબોધ જગાવાશે.

આ વિશેષ અંક ગુજરાતના સ્વર્ણિમ ઈતિહાસનું જીવંત પ્રતિબિંબ બનીને બધાને મંત્રમુગ્ધ કરશે. આ પુસ્તક વઢવાણને વિશ્વમાં નવી ઓળખ આપે તેવી કામના સાથે, તેના વારસાને જીવંત રાખવાના આવા ઉત્કૃષ્ટ કાર્યરતા દ્વારા સુરેન્દ્રનગર મહાનગરપાલિકા ગર્વ અનુભવે છે.

ડૉ.નવનાથ ગવ્હાણે (IAS)
મ્યુનિસિપલ કમિશનર,
સુરેન્દ્રનગર મહાનગરપાલિકા

**Address : PJFG+VGQ, Nr. Collector Office, Tower Road, Tower Rd, Surendranagar, Gujarat 363001**

02752 282 858 snrmuni.corporation@gmail.com www.snmcgujarat.com

ગુજરાતી સામયિક Gujarati Magazine

શબ્દમ

એક વિચાર

## Sabdam Ek Vichar

વર્ષ: ૧ અંક: ૪ પેજ: ૫૨ કિંમત: ૧૦૦ - Monthly
RNI : GJGUJ/25/A1899 | Date.: 01/11/2025



મુખ્ય સંપાદક
રાવલ રાજેન્દ્રકુમાર
RAVAL RAJENDRAKUMAR.

સરનામું
એફ - ૨૦૩, આસ્થા ઓપલ,
નવા વાડજ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૩

કોન્ટેન્ટ
પ્રો. રજની નાયર, (KL) મલેશિયા
શ્રીમતી કેતકી પટેલ, શિકાગો, USA

કોપી એડિટર
મિતાલી કવૈયા (એમ. એ. જર્નાલિઝમ)

ચીફ ડિઝાઈન
હિના ભગત, હેલી સોની

બિઝનેસ & માર્કેટિંગ
ભાવેશ કુમાર

Mobile
+91 98792 67660, +91 98795 99081,
+91 84879 01736

EMAIL
shabdaam@gmail.com, jyoflikk@gmail.com,
rajendrrvl50@gmail.com

Instagram
shabdam_magazine

Website
www.jyoflikk.in



Monthly Publication Date
01 Date of every Month


# રાજ્યના વિકાસ માં શહેરો નું યોગદાન

રાજ્યના સર્વાંગી વિકાસમાં શહેરોનું યોગદાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. શહેરો રાજ્યના આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક અને ટેકનોલોજીકલ વિકાસના કેન્દ્ર છે. જ્યાં લોકો એકસાથે કામ કરે છે, વિચારો વહેંચે છે અને નવી શક્યતાઓ ઊભી કરે છે, ત્યાંથી વિકાસની નવી દિશાઓ ખૂલે છે. શહેરોમાં ઉદ્યોગો, વેપાર અને શિક્ષણ વિકસેલા હોય છે. આ ઉદ્યોગો અને વેપાર રાજ્યને મોટું રાજસ્વ આપે છે. રોજગારની તકો ઊભી થાય છે, જેના કારણે લોકોની આવક વધે છે અને જીવનધોરણ સુધરે છે. ઉદાહરણ તરીકે — અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા શહેરો ગુજરાતના આર્થિક એન્જિન તરીકે ઓળખાય છે.

શહેરોમાં શિક્ષણ અને સંશોધન માટે વિશ્વવિદ્યાલયો, ટેકનિકલ સંસ્થાઓ અને તાલીમ કેન્દ્રો હોય છે. અહીંથી નિકળતી કુશળ માનવશક્તિ રાજ્યના વિકાસને નવી દિશા આપે છે. સાથે જ આરોગ્ય, પરિવહન અને સંચાર જેવી સુવિધાઓ રાજ્યના અન્ય વિસ્તારોને પણ પ્રોત્સાહન આપે છે.શહેરો માત્ર આર્થિક રીતે જ નહીં, પરંતુ સાંસ્કૃતિક રીતે પણ રાજ્યની ઓળખ બની રહે છે.

વિવિધ લોકો, ભાષાઓ અને પરંપરાઓના સંગમથી શહેરોમાં એક નવી સામાજિક એકતા વિકસે છે. શહેરો ઉત્સવો, કલા, સંગીત અને નાટ્યકલાના માધ્યમથી રાજ્યની સંસ્કૃતિને જીવંત રાખે છે.આ રીતે શહેરો રાજ્યના વિકાસનું હૃદય છે. શહેરો જેટલા સ્વચ્છ, સુવ્યવસ્થિત, શિક્ષિત અને ટેકનોલોજીકલ રીતે સમૃદ્ધ બનશે, એટલો જ રાજ્યનો વિકાસ ઝડપી અને ટકાઉ બનશે.

તેથી રાજ્યના વિકાસ માટે શહેરો અને ગામડાં બંનેનો સંતુલિત વિકાસ જરૂરી છે.

આજે જે શહેર ની વાત કરી રહ્યા છીએ તે વઢવાણ સિટી ની વાત છે જેમાં વિકાસ નો વારસો નિહિત છે , સુરેન્દ્રનગર ના વહીવટી તંત્ર એ અને મ્યુનિસિપલ કોર્પોરેશન એ વઢવાણ ને તેની ઓળખ મજબૂત કરવાનો પ્રયાસ અહી શબ્દો માં વર્ણવ્યો છે.

આભાર સહ

તંત્રી

એડિટોરિયલ

# ગુજરાત: પ્રાચીન અને આર્થિક મહત્વ ધરાવતા શહેરો

ગુજરાતનો ઈતિહાસ એટલો સમૃદ્ધ છે કે તે ભારતના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસનો આધારસ્તંભ ગણાય છે. અરબી સમુદ્રના કિનારે વસેલું આ પ્રદેશ શતાબ્દીઓથી વેપાર, સંસ્કૃતિ, શિક્ષણ અને આધ્યાત્મિકતાનું કેન્દ્ર રહ્યું છે. ગુજરાતના અનેક શહેરોએ પ્રાચીન કાળથી લઈને આજ સુધી ભારતના રાજકીય, સાંસ્કૃતિક અને આર્થિક ઇતિહાસમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું છે. દિપોસસવી નો આ વિશેષાંક ભારતીય સંસ્કૃતિ ને પ્રકાશિત કરનાર અને વિકાસ ને માર્ગે પોતાની ભૂમિકા નિભાવનર વઢવાણ શહેર ની ભવ્યતા ની શબ્દ ગાથા ને ખાસ પ્રકાશિત કરી છે .



**૧. લોથલ — પ્રાચીન નગર આયોજનનું અદભૂત ઉદાહરણ**

લોથલ, અમદાવાદની નજીક આવેલું સિંધુ ખીણ સંસ્કૃતિનું મહત્વપૂર્ણ સ્થળ છે. અહીં મળેલા અવશેષોમાં વિશ્વનું સૌથી જૂનું બંદર મળ્યું હતું. લોથલના નાગરિકો ધાતુકામ, માટીના વાસણો, રત્નકામ અને સમુદ્રી વેપારમાં નિષ્ણાત હતા. આ શહેર દર્શાવે છે કે ગુજરાતનો વેપાર તત્કાલીન મેસોપોટેમિયા જેવી સંસ્કૃતિઓ સાથે જોડાયેલો હતો.

**૨. પાટણ — રાણી કી વાવ અને જ્ઞાનનું કેન્દ્ર**

સોલંકી યુગમાં પાટણ ગુજરાતની રાજધાની હતું. રાણી કી વાવ જેવી વિશ્વપ્રસિદ્ધ હેરિટેજ સાઇટ આ શહેરના વૈભવનો પ્રતીક છે. પાટણ કાલિકોત્રા પાટોળા સાડીઓ માટે પણ જાણીતું છે, જે આજે પણ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ છે. આ શહેર શિક્ષણ, સાહિત્ય અને કલા માટે પણ મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે.

**૩. ભરૂચ — પ્રાચીન વેપારબંદર**

ભરૂચ (પ્રાચીન નામ ભૃગુકચ્છ) ભારતના સૌથી જૂના બંદરોમાંનું એક છે. અહીંથી રોમન સામ્રાજ્ય સુધી મસાલા, કાપડ અને કિંમતી પથ્થરોનો વેપાર થતો હતો. નર્મદા નદીના કાંઠે વસેલું ભરૂચ ગુજરાતના આર્થિક ઈતિહાસનું મજબૂત સ્તંભ રહ્યું છે.

**૪. દ્વારકા — ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું શહેર**

દ્વારકા ભગવાન શ્રીકૃષ્ણનું રાજધાની નગર હતું. હિંદુ ધર્મના ચાર ધામોમાંનું એક હોવાથી દ્વારકાનું ધાર્મિક મહત્વ અદ્વિતીય છે. સમુદ્રકાંઠે વસેલું આ શહેર પણ પ્રાચીન સમયમાં સમુદ્રી વેપારનું કેન્દ્ર રહ્યું હોવાનું પુરાતત્વીય સાક્ષીઓ સૂચવે છે.

**૫. જૂનાગઢ — રાજકીય અને સાંસ્કૃતિક વારસો**

જૂનાગઢનું ઈતિહાસ માઉર્યકાળથી શરૂ થાય છે. અશોકના શિલાલેખો, ઉપર્કોટ કિલ્લો, અને ગિરનાર પર્વત આ શહેરની વૈભવી ઐતિહાસિક ઓળખ દર્શાવે છે. નવનિર્માણના યુગમાં જૂનાગઢ શિક્ષણ અને પ્રવાસન બંને માટે મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

**૬. અંહિલવાડ પાટણ અને ચંપાનેર — યુનેસ્કો વિશ્વ વારસા સ્થળો**

ચંપાનેર-પાવાગઢ આર્કિયોલોજિકલ પાર્ક અને અંહિલવાડ પાટણ બંનેને યુનેસ્કો દ્વારા વિશ્વ વારસા સ્થળ તરીકે માન્યતા મળી છે. આ શહેરો માત્ર ઈતિહાસના સાક્ષી જ નહીં પરંતુ ગુજરાતના આર્થિક, ધાર્મિક અને સ્થાપત્ય કૌશલ્યના પ્રતિક પણ છે. શ.



રાજેન્દ્ર રાવલ

# રૂડી ગુજરાતી વાણી રાણીનો હું વકીલ છું

## એવું કહેતા કવિ દલપતરામનું વતન..વૈભવશાળી વઢવાણ

**ભગવાન મહાવીર સ્વામીનાં પગલાંથી પાવન બે અઢી હજાર વરસ પુરાણું શહેર વર્ધમાનપુર એટલે આજનું વઢવાણ. જેની સ્થાપના આશરે 1630 આસપાસ થઈ. ઇ.સ.1807થી એ બ્રિટિશ શાસન હેઠળ આવ્યું. ઋષીપાંચમના દિવસે એની સ્થાપના થઈ હોવાથી એ દિવસને વઢવાણના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે.**



વઢવાણનો ઇતિહાસ રસપ્રદ અને ગૌરવશાળી રહયો છે. આ ગામ સુરેન્દ્રનગર જીલ્લા મથકથી બેથી ત્રણ કિમી. દૂર ઉંચાણ ઉપર વસેલું આ ગામ છે. જ્યાં આજે પણ દશથી વીસ ઇંચ વરસાદ થાય તો પણ ક્યાંય વરસાદી પાણી ભરાતા નથી. વઢવાણ વિસ્તાર અને ઝાલાવાડ તરીકે જાણીતા આ પ્રદેશમા જૈન, રાજપૂત, દરબાર, બ્રાહમણ, મોચી , પ્રજાપતિ, સતવારા, માળી, સોમપુરા, હરીજન, સોની, મુસ્લિમ, વ્હોરા,ભરવાડ, રબારી, મુસ્લીમ, લુહાર, જેવી જુદી જુદી જ્ઞાતિઓ અહી વસે છે. આજે જે સુરેન્દ્રનગર છે ત્યાં પહેલા મિલેટ્રી વાળાનો કેમ્પ રાખવામા આવતો એટલે આજે પણ અહી આજુબાજુના ગામડા વાળા હટાણું કરવા આવે એટલે એમ કે છે કે ચાલો કાંપ માં જઇએ.મૂળ કાંપ જે કેમ્પનું અપભ્રંશ થઈને કાંપ કહેવાયું. જે આજનું સુરેન્દ્રનગર. સુરેન્દ્રનગરનું નામ પણ વઢવાણના રાજા સાહેબશ્રી સુરેન્દ્રસિંહજીના નામ પરથી રાખવામા આવ્યું છે. વઢવાણ એ બહુ પ્રાચીન અને ઐતિહાસિક નગરી છે અહીં આજે પણ સતી શૂરા - અને સંતનાં મંદીરો છે અહીં જૈનોનાં પૂજ્ય શ્રી વર્ધમાન સ્વામી ભગવાનનાં પગલાં જ્યાં પાડેલ ત્યાં આજે પણ ભગવાન વર્ધમાન સ્વામીનું મંદીર છે અને અહી ઐતિહાસિક જૈન દેરાસરો પણ છે જે બેનમૂન કલા કારીગરી અને કોતરણીથી સજજ જૈન દેરાસરોનાં દર્શન કરવા માટે બહાર ગામથી જૈનો મોટી સંખ્યામાં આવે છે.

એક પ્રાચીન વાયકા મુજબ અહી ૯૯૯ વાવકૂવાઓ હતાં અહીં સતી શ્રી રાણકદેવી જેવી મહાન અને પતિવ્રતા સ્ત્રી જ્યાં સતી થયાં તે સ્વરૂપે આજે પણ પુજાય છે.અને તેમનું મંદીર પણ આજે પણ હયાત છે. ઐતિહાસીક ધર્મતળાવ પ્રજાને અને માલઢોરને પાણીની સગવડ પુરી પાડતું આ તળાવ છે. એક એવી વાયકા પણ કેવાય છે કે આ તળાવને ફરતે હવા મહેલ બનાવવાનું રાજા સાહેબનું સ્વપ્ન હતું માટે અહી રાજા સાહેબે હવા મહેલ



બનાવડાવવાનું કામ ચાલુ કરેલ પણ કાર્યકાળે પુરો ન થયેલ એ હવા મહેલ આજે પણ તેની અધુરી હસ્તકલાનો પ્રાચીન અને ઐતિહાસીક બેનમુન કારીગીરીથી કંડારેલ હવા મહેલ આજે પણ અડીખમ ઐતિહાસીક પુરાવા સ્વરૂપે ઉભેલ છે. બીજું ઉત્તમ કલાકૃતિથી કંડારેલ અને ઉત્તમ કારીગરો દ્વારા બનાવેલ માધવવાવ.જે પ્રજા પ્રત્યેની રજવાડાના રાજવીરોનો પ્રજા વત્સલ પ્રેમ જ્યાં બારબાર વર્ષ સુધી પ્રજાને દુષ્કાળના મુખમાંથી ઉગારવા રાજવી પરિવારે નવલોહીયા નવાવરઘોડીયાના બલીદાનની ભાવનાથી ઉભરાતી એક ઉત્તમ પ્રજા પ્રેમનું પ્રતિક સ્વરૂપે માધવવાવ આજે પણ દેશ વિદેશોમાં પણ ખ્યાતિ પામેલ વાવ છે.આજે પણ દેશ વિદેશથી લોકો જોવા માટે આવે છે. આવી જ એક ઐતિહાસિક ગંગાવાવ પણ છે અને મા રાંદલ જ્યાં સાક્ષાત્ત પરચા પુરે છે તે લાખુપોળની લાખુવાવમાં આજે પણ મા રાંદલ પરચા પુરે છે અને મા હીંગળાજનું પણ પુરાણ પ્રસિદ્ધ મંદીર આજે પણ ખત્રીવાડમાં માંનાં પરચા સાથે આજે પણ મા હીંગળાજ પુજાય છે એવું જ મા મેલડીનું પ્રસિદ્ધ ઐતિહાસિક મંદીર જ્યાં મા મેલડી એ રાજાસાહેબને સ્વપ્નમાં આવીને પરચો આપેલ અને કહેલું મારાં બેસણા આ વાવમાં છે ત્યાં રાજા સાહેબે મંદીર બનાવડાવ્યું અને મા મેલડીની સ્થાપના કરી અને આજે પણ આ મંદિર જગવિખ્યાત છે.જ્યાં દેશ વિદેશથી માંનાં દર્શને હજારો યાત્રાળુઓ આવે છે આવું જ ઐતિહાસીક સ્વામીનારાયણ મંદીર પણ આવેલ છે અને લાલજી મહારાજની ઐતિહાસીક જગ્યા જ્યાં આજે પણ યાત્રાળુઓને મીઠો આવકારો આપાય છે અને જ્યાં આજે પણ અન્નક્ષેત્ર ચાલે છે. આવી આ ધાર્મિક અને પ્રાચીન ઔતિહાસિક નગરી છે.

શ્રી દાજીરાજસિહજી સાહેબનો ખેડૂત પ્રત્યેનો અપાર પ્રેમ તેમની અમર કથામાં વર્ણવેલ છે. શ્રી દાજીરાજસિંહજી એક દિવસ સજીધજીને નગરચર્યા કરવા મોટર લઈને નીકળે છે. નીકળતા નીકળતા એમ કેવાય છે આજે જે ખારવાની પોળનો દરવાજો છે ત્યાંથી અંદર પ્રવેશે છે અને અને એ જ્યારે અંદર પ્રવેશે ત્યારે સામેની બાજુથી એક ખેડૂત ભરોટિયું ભરેલું ગાડું લઈને આવે છે.સામેથી ખેડૂત આવતા જોઈને મોટરના ડ્રાઈવર હોર્ન મારે છે હોર્નનો અવાજ સાંભળીને બળદો થાય છે ભૂરાટા.અને ખેડૂતના કાબૂમાં ન રહયા, અને રાજાની મોટર સામે આવીને ઊભા રહી જાય છે. બંને એકબીજાની સામસામા આવી જાય છે વઢવાણના રસ્તાઓ સાંકડા. ખેડૂતના મનમાં તો ફફડાટી બોલવા લાગી એના મનમાં થયું કે આજ તો નક્કી આવી બન્યું રાજાજી આ બધુ નિહાળે છે અને ખેડૂતનું ભરોટિયા અને બાપુની મોટર છેક એકબીજાની નજીક આવી ગ્યાં. ત્યારે રાજાજીના ડ્રાઈવર ખૂબ ગુસ્સે થયો અને ખેડૂતની ઉપર ખૂબ ગુસ્સે થઈને બબડવા લાગ્યો, ડ્રાઈવર એ ખેડૂતને કીધું કે જોતો નથી તારો બાપ ગાડીમાં બેઠો છે ગાડું પાછળ વાળ એટલી ભાન નથી પડતી કે સામેથી દાજીરાજસિંહજી આવે છે ખેડૂતના પગ તો ધ્રૂજવા લાગ્યા, હમણાં રાજાજી કઈક કહેશે. મનમાં ગભરાટ વ્યાપી ગ્યો. આતો રાજના ધણીનું વાહન. એ પાછું ન વળે. રાજા રસ્તો ના બદલે. આ વાત ખેડૂત પણ જાણતો હતો પણ મુશ્કેલીએ હતી ગાડું પાછું વળે એમ ન હતું એક જ ઉપાય હતો બળદ છોડી ને ગાડું ખાલી કરે..

કેવાય છે કે જે'દી ન્હોતો થયો જામનગરનો જનમ અને નોતાં જે"દી મોરબીનાં મોટા મહેલ તે દી આ વઢવાણનું રજવાડું વટથી ઉભુ'તું જેનું જુનું નામ વર્ધમાન પુરી હતું જે આગળ ઉપર અપભ્રંશ થઈ વઢવાણ સીટી કહેવાયું કહેવાય છે દુનિયાનાં બે દેશ કે ગામ છે કે જેની પાછળ સીટી લાગે છે ન્યૂયોર્ક સીટી અને વઢવાણ સીટી આવું છે આ ઐતિહાસિક વઢવાણ. રાજા સાહેબ શ્રી દાજીરાજ સાહેબ સિહજીનું રજવાડું દાજીરાજસિહજી એક પ્રજાવત્સલ અને પ્રકૃતિ પ્રેમી રાજા હતા. તેમનો તેમની રૈયત માટેનો પ્રેમ અનેરો હતો. જેનું એક ઉત્તમ ઉદાહરણ..



પણ એમાં સમય જાય.બાપુ ગાડીમાં બેઠા બેઠા આખો તમાશો જોઈ રહ્યા હતા. એટલે દયાળુ દિલનો ઉદાર મનનો દુલો રાજા પોતાના રાજના ખેડૂતની મૂંઝવણ કળી ગ્યો.એમને તરત જ ડ્રાઈવરને હાકલો કર્યો કે "મુળુભા... આપણી ગાડીને ગેર હોય... આ ગાડા ને ગેર ન હોય ... ગાડી પાછી વળે.ગાડું પાછું ન વળે..માટે ગાડી પાછી વાળી લ્યો મુળુભા. ડ્રાઈવર મુળુભા તો અવાક થઈ ગયો. રાજનો ધણી રસ્તો બદલવાની વાત કરે એ વાત કઈ રીતે ગળે ઉતરે?, જે રજવાડાના રાજા એ સ્વમાન ખાતર મોરબીના વાઘજી ઠાકોર સામે બાથ ભીડેલી અરે સ્વમાન માટે બ્રિટિશ સલ્તનત સામે ઝીંક ઝીલેલી. એવું આ રજવાડું અને એવો એનો વટ આવો સ્વમાની રાજા એક ખેડૂત સામે પોતાનું વાહન પાછું વાળીને ખેડૂતને રસ્તો આપી દેવાનો હુકમ કરે એ વાત કઈ રીતે માનવામાં આવે? બાપુ ડ્રાઈવરની મૂંઝવણ જાણી ગ્યાં હોય એમ મરમમાં હસતાં હસતાં બોલ્યા કે, મુળુભા, આ ખેડૂત તો મારો બાપ છે, હું ઇનો બાપ નથી. કારણ કે એની કમાણીનાં નાણાં રાજને મળે છે. પછી તો બાપુ એ ગાડી પછી

લીધી અને ખેડૂત તેના રસ્તે ચાલ્યો જાય છે.ધન્ય છે આ રાજાજી દાજીરાજસિંહજી હાલ માં જેમના નામે દાજીરાજ હાઈસ્કૂલ છે. વઢવાણ રાજ્યનું સૂત્ર હતું.

# ||યશો ભૂષણમ સર્વદા વર્ધમાનમ::||

ગઢ દરવાજો અને ઐતિહાસિક ભોગાવો નદી એની ઓળખ છે.વઢવાણ શહેરની ફરતે પ્રાચીન ગઢ કિલ્લો બનાવવામાં આવેલ.જેમાં પ્રવેશદ્વારે શિયાણીની પોળ, ખારવાની પોળ, લાખુ પોળ, ખાંડી પોળ, ધોળીપોળ અને છ દરવાજા એક બારી છે. શહેરમાં માધાવાવ, રાણકદેવી મંદીર, ગંગાવાવ જેવાં ઐતિહાસિક સ્થળો છે.રાજવી જોરાવરસિંહજીના નામ પરથી જોરાવરનગર અને સુરેન્દ્રસિંહજીના નામ પરથી આજનું જિલ્લા મથક સુરેન્દ્રનગર જાણીતું છે.વઢવાણ એ સૌરાષ્ટ્રનો ગેટ ગણાતો જયાંથી સૌરાષ્ટ્રની હદ શરૂ થાય.

વઢવાણ કે જે ઝાલાવાડ તરીકે સુખ્યાત છે એ ઐતિહાસિક શહેર અનેક ક્ષેત્રની વિવિધ પ્રતિભાઓ માટે પણ જાણીતું છે. દાનવીર સી.યુ. શાહ સખાવતના ક્ષેત્રમાં ગૌરવશાળી નામ છે.લોક સાહિત્યકાર બાબુભાઈ રાણપુરા ,બચુદાન ગઢવી, હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદી જાણીતાં નામ છે.. જુગતરામ દવે સેવાનું શિખર ગણાય છે. લેખકો, કવિઓની આખી યાદી છે. જેમાં સૌથી મોટું નામ કવિ દલપતરામ છે.એમના પુત્ર મહાકવિ ન્હાનાલાલ, ચુનીલાલ વર્ધમાન શાહ, નવલરામ ત્રિવેદી, દુર્ગેશ શુકલ, મનુભાઇ પંચોળી" દર્શક", પ્રજારામ રાવળ જેવાં વૈભવી નામોની હારમાળા છે.

ગુજરાતી સાહિત્યમાં કવિ દલપતરામ ડાહ્યાભાઈ એટલે કવિ કદડા એક સર્વોચ્ચ નામ છે. જેમણે લખેલું કે " રૂડી ગુજરાતી વાણી રાણીનો હું વકીલ છું.." એમણે ગુજરાતને એવાં કાવ્યો આપ્યાં જે આજે પણ લોકજીભે રમે છે. 'દાખે દલપતરામ ' એ એમની ધ્રુવ પંકિત યાદગાર બની ગઈ છે.. ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળાં પક્ષીઓ ને પ્રાણીઓ અપાર છે.." એ રસપ્રદ વર્ણન પછી "સાંભળી શિયાળ બોલ્યું અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે.."આ પંકિતઓ આજે પણ લોકો ગાય છે. જીવનની ફિલસુફી સાથે બોધપાઠ અને હાસ્ય વ્યંગ સાથેની દલપતરામની કવિતાઓ શાશ્વત મૂલ્ય ધરાવે છે." હતો હું સૂતો પારણે પુત્ર નાનો ,રડું છેક તો રાખતું કોણ છાનો? મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું? મહા હેતવાળી દયાની જ મા તું.." આ કવિતા ગુજરાતી ભણેલી કોઇપણ પેઢી માટે અજાણી નથી. એક શરણાઇવાળો કાવ્યના અંતે આવતી પંકિતઓ..." પોલું છે તો બોલ્યું તેમાં કરી તે શી કારીગરી? સાંબેલું બજાવે તો જાણું કે તું શાણો છે !" એ સિવાય એમનાં ઋતુવર્ણનો આલેખતાં કાવ્યો અદ્ભુત છે.દલપતરામ અને અમદાવાદના તત્કાલીન કલેક્ટર જેમ્સ ફાર્બસની દોસ્તી સાહિત્ય અને જાહેર જીવનનું અનોખું સંભારણું છે. અવસાન પામેલા મિત્ર ફાર્બ્સ માટે એમણે અંજલિરૂપ લખેલી કરૂણ પ્રશસ્તિ" ફાર્બસ વિરહ" અમર રચના છે. કવિ દલપતરામ વઢવાણથી અમદાવાદ આવ્યા એ ઘટના ગુજરાતના સાંસ્કૃતિક જગતની મહત્વની ઘટના ગણાય છે. વૈભવશાળી વઢવાણનું આ મોંઘેરું રતન ગુજરાતી ભાષાનું ગૌરવ છે..

**રમેશ ઠક્કર-**



# માનવ સભ્યતા નું સાક્ષી
# એક શહેર : વઢવાણ



**સૌ**રાષ્ટ્રનાં ઈતિહાસમાં છેલ્લા બે હજાર વર્ષથી વઢવાણ પોતાનું નોખું- અનોખું સ્થાન ધરાવે છે. **"વઢવાણ એવું ગામ નામ વર્ધન મહાદેવ" ઉપરથી હોય કે "વર્ધમાન મહાવીર" ઉપરથી હોય - બન્ને દ્રષ્ટિએ તે આપણું આદરણીય ગામનામ છે.** પ્રાચીન સભ્યતાના જાણકારો કહે છે કે પૃથ્વી ઉપર જે પ્રથમ જીવમય યુગ આરંભાયો તેના અવશેષો પણ વઢવાણના નદી કિનારા ઉપરથી મળ્યા છે !

લાખો વર્ષ પહેલાં જયારે હજુ 'મનુષ્ય' નામનું પ્રાણી પૃથ્વી ઉપર સાકાર થયું નો' તું ત્યારે જે સજીવ વનસ્પતિ સૃષ્ટિ હતી તેના અશ્મીભૂત અવશેષો વઢવાણના ભોગાવો નદીના કાંઠા ઉપરથી મળ્યા હોવાનું નોંધાયું છે. ગિરનાર પછીનો સૌરાષ્ટ્રનો આ જૂનામાં જૂનો ભૂભાગ છે. આ પછીના ગાળાનો ઈતિહાસ હજુ જાણવામાં આવ્યો નથી, પણ 'વઢવાણ' એવું ગામનામ ઈ. સ. ૭૦૦ ના એક તામ્રપત્રમાં મળે છે અને ત્યારે તે જિલ્લાનું મુખ્ય મથક છે. આ ઉપરથી અનુમાન થઈ શકે કે વઢવાણ, છેલ્લાં બે હજાર વર્ષથી તો પ્રાચીન હશે. કોઈ નાની વસાહત વિસ્તાર પામતી જિલ્લાનું મુખ્ય મથક બનવા જેટલી સમૃદ્ધ બને તે તે કાળ મુજબ પાંચસો - સાતસો વર્ષનો ગાળો તો માંગે છે. **છેલ્લા તેરસો વર્ષથી તો વઢવાણ 'નગર' નો દરજ્જો ધરાવે છે**, ઈતિહાસનો ક્રમ જોતાં વઢવાણ, એના આરંભના કાળમાં મૌર્ય સામ્રાજયનો ભાગ હશે. ઈ. સ. ૫૦૦ માં પશ્ચિમ ભારતનું સ્વતંત્ર રાજય મૈત્રક શાસન અસ્તિત્વમાં આવે છે. (જેની રાજધાની 'વલભી' ભાવનગર જિલ્લાનું આજુનું 'વળા' ગામ છે.) એટલે વઢવાણ મૈત્રક શાસનનો એક ભાગ બને છે. આ મૈત્રક રાજ્યમાં વઢવાણ, જિલ્લાનો દરજજો ધરાવે છે. વલભીની ગાદીએ આવેલા શીલાદિત્ય પાંચમાંના બે તામ્રપત્રોમાં ' વર્ધમાણભુક્તિ' તરીકે વઢવાણનો નિર્દેશ મળે છે. આ શીલાદિત્ય ઈ. સ. ૭૧૦ માં વલભીની ગાદીએ આવ્યો છે, તેણે પોતાના રાજયની વ્યવસ્થા મજબૂત કરી છે અને 'લાટ' (આજનું દક્ષિણ ગુજરાત) પ્રદેશ જીતી લીધો છે. તેની વિજય છાવણી ત્યારે ખેડામાં છે. ખેડા (આજના ખેડા જિલ્લાનું છે, તે મુજબ ઈ. સ. ૭૨૧ માં વઢવાણથી આવેલા બ્રાહ્મણોને મહારાજાધિરાજ શીલાદિત્યે ભૂમિદાન આપ્યું છે' એવો ઉલ્લેખ મળે છે. આમ ઈ. સ. ની આઠમી સદીના આરંભે વઢવાણ છે, 'વઢવાણભુક્તિ' એટલે મથક છે. ત્યાં બ્રાહ્મણોની વસતી મુખ્ય છે અને રાજયનું દાન મેળવવા લાયક હોય એવા વિદ્વાન બ્રાહ્મણો ત્યાં વસે છે. આટલી હકીકત સિદ્ધ થાય છે.

આ પછીના સો વરસમાં અરબ આક્રમણોનો ભોગ બનીને મૈત્રક રાજય તથા ત્યાં આવેલી "વલભી વિદ્યાપીઠ" (યુનિવર્સિટી) નાશ પામે છે . અને ચારે બાજુ નાના નાના રાજપૂત રાજયો ઉભાં થાય છે. આ રાજપૂત રાજયોમાં ચાવડા વંશની પ્રથમ રાજધાની 'વઢવાણ' છે. 'રાજધાની' તરીકે વઢવાણનો પ્રથમ ઉલ્લેખ ઇ. સ. ૯૧૮ માં એક તામ્રપત્રમાં મળે છે. ત્યારે ' ધરણી વારાહ' નામનો રાજા વઢવાણનો શાસક છે. આ પછીના સમયનો વઢવાણનો ઈતિહાસ ક્રમબધ્ધ રીતે મળે છે તે છેક આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના બે મહાન યૌદ્ધાઓ તે ફુલચંદભાઇ શાહ અને સ્વામી શિવાનંદ બન્ને વઢવાણના સપૂતો અને બન્નેના અગ્નિસંસ્કારો, આજની વઢવાણની સુપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા ઘરશાળા ના પ્રાંગણમાં થયા તેની **"શહીદ સ્મૃતિ"** સચવાયેલી છે.

"વઢવાણ"ના આ છેલ્લા હજાર વર્ષની મહત્વની ઘટનાઓ તે ઇ. સ. ૧૧૧૫ માં રાણકદેવીનું વઢવાણના પાદરમાં સતી થવું. સ. સ. ૧૩૦૦ માં બત્રીસ લક્ષણાનો ભોગ લેતી સુપ્રસિદ્ધ માધાવાવનું સર્જન, ઇ. સ. ૧૩૦૫ માં 'પ્રબંધચિંતામણી' નામના મહાન ગ્રંથનું વઢવાણમાં સંપાદન, ૧૬૩૦ થી ઝાલાવંશની એક વધુ રાજધાની, ૧૭૪૦ માં ડાડીમાતા, ૧૮૨૦ અર્વાચીન ગુજરાતી કવિતાના પ્રથમ પુરુષ દલપતરામનો જન્મ અહીંના શ્રીમાળી ફળિયામાં, ૧૮૪૫ અર્વાચીન ગુજરાતી કવિતાનું પ્રથમ પુષ્પ 'બાપાની પીંપર' ના નામે વઢવાણના પાદરમાં ખીલ્યું. ૧૮૮૦ સૌરાષ્ટ્રની પ્રથમ રેલવે લાઇન ભાવનગર - વઢવાણ, ૧૯૧૫ માં જ અનાથ બાળકો માટે સુથારી, લુહારી, દરજી કામની કેળવણી આપતો પ્રથમ આશ્રમ વઢવાણમાં, **૧૯૨૧ ગાંધીજીના હસ્તે વઢવાણમાં "ઘરશાળા" નો પાયો નંખાયો.** ૧૯૨૨ માં કાઠિયાવાડ રાજકીય પરિષદનું બીજું અધિવેશન વઢવાણમાં, જયાં પ્રથમવાર અસ્પૃશ્યતા નિવારણનો ઠરાવ મૂકવામાં આવ્યો અને પસાર થતાં તુરંત જ સરદાર પટેલ પોતાના સ્થાનેથી ઉભા થઇ જે ખૂણામાં દક્ષિતો બેઠા હતા ત્યાં જાઈને તેમની સાથે સાથે બેસી ગયા.

**૧૯૪૭ "વઢવાણા કેમ્પ" ને 'સુરેન્દ્રનગર' નામ આપવામાં સાવ્યું. ૧૯૪૮ માં 'ઝાલાવાડ જિલ્લો' અસ્તિત્વમાં આવ્યો.**

વઢવાણ ઐતિહાસિક નગર છે. જૂનાગઢ, સોમનાથ, દ્વારકા પછી સૌથી વધુ શિલાલેખો જેમ વઢવાણમાં છે. તેમ ઘૂમલી અને ઢાંક પછી સૌથી વધુ વાવો - પગથિયાંવાળી વાવો પણ વઢવાણમાં છે. અહીં ગંગાવાવ, માધાવાવ અને લાખુવાવ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. હમણાં હમણાં વઢવાણ ગામના યુવાન મિત્રોએ અને એક સેવાભાવી સન્નારીએ જાત મહેનતથી લાખુવાવનો જિર્ણોદ્ધાર કરેલો છે. લાખુવાવ, ગામનું જળદેવતાનું પૂજાસ્થાન છે તેમ અર્વાચીન ગુજરાતી કવિતાનું ઐતિહાસિક સ્મારક પણ છે. આ માટે પણ એક નજર ગુજરાતી કવિતા ઉપર કરવી પડશે.

આપણી માતૃભાષા ગુજરાતી, છેલ્લાં એક હજાર વર્ષની ઉંમર ધરાવે છે. આ હજાર વર્ષના ઈતિહાસની સરળતા ખાતર આપણે પ્રાચીનકાળ, મધ્યકાળ અને અર્વાચીનકાળ એવા ત્રણ કાળ વિભાજનો કર્યા છે. પ્રાચીનકાળ સંસ્કૃત ભાષાથી પ્રેરિત છે. મધ્યકાળ અરબી ફારસીથી પ્રેરિત છે અને અર્વાચીનકાળનો આરંભ આપણે દલપતરામના જન્મ વર્ષ ૧૮૨૦ થી ગણીએ છીએ. યોગાનુયોગ અંગ્રેજી કેળવણીનો આરંભ પણ આ સમયથી છે.

મધ્યકાલીન કવિતા કરતાં અર્વાચીન કવિતા, જે લક્ષણોથી જુદી પડે છે તેમાં કવિઓનો અભિગમ મુખ્ય છે. મધ્યકાળના કવિઓની નજર માત્ર ધર્મ અને પરલોક તરફ જ છે, જ્યારે અર્વાચીન કાળના કવિઓની નજર પરલોક કરતાં ઇહલોક તરફ વિશેષ છે. મધ્યકાળના એક પણ કવિએ પોતાના ગામ વિશે, પાદરમાં વહેતી નદી વિશે કે આંગણામાં ઉગેલા ઝાડ વિશે કવિતા કરી નથી. જયારે અર્વાચીનકાળમાં આ જાતની કવિતા રચાવા માંડી છે અને એ દિશાની પહેલી કવિતા 'બાપાની પીપર' છે.




- કવિ શ્રી દલપતરામ

આ કારણે 'બાપાની પીંપર' આપણી અર્વાચીન કવિતાનું પ્રથમ ઐતિહાસિક સ્મારક છે. મહત્વ તો કવિતાનું જ છે, **પરંતુ જેના આધરે કવિતા રચાણી તે બાપાની પીંપર કયાં છે ?**

“બાપાની પીંપર” નામની કવિતાનું વસ્તુ એવું છે કે કવિ શ્રી દલપતરામ પોતાના વતન વઢવાણથી લીંબડી જઈ રહ્યા હતા. ઉનાળાના દિવસો છે. વૈશાખ બરાબરનો તપી રહ્યો છે અને આવા ધોમધખતા તાપમાં પગપાળા લીંબડી પહોંચવાનું છે !

દલપતરામ કહે છે કે આખા પંથમાં કયાંય પાણી મળ્યું નહિ અને જેના છાંયડે ઊભી રહી શકાય એવું એક ઝાડ પણ રસ્તામાં આવ્યું નહિ !

લીંબડી હજુ દોઢ ગાઉ દૂર હતું ત્યાં બાપાની પીપર આવી અને એનો છાંયો એવો મીઠો લાગ્યો કે કલ્પવૃક્ષ યાદ આવી ગયું ! કવિ અનુભવ કહે છે કે બાપાની પીંપરનું આ શાંતિદાન, કોઇ ગામ ગરાસ અને દ્રવ્યદાન કરતાં પણ ચડિયાતું છે ! પરદુઃખભંજક રાજા વિક્રમ અને ભોજ કરતાં પણ કવિને આ બાપાની પીંપર વધુ મહાન અને એના શીળા છાંયાની પ્રશંસા આ રચનાનો મુખ્ય સૂર છે, જે સૂરમાં અર્વાચીન કવિતાનો પ્રથમ ભાવોદય સિદ્ધ થાય છે.

હવે સવાલ એ છે કે દલપતરામે જેને બાપાની પીંપર કહી તે પીંપર હાલ કયાં છે ? આ દિશામાં અગાઉ કોઈ પ્રયત્નો થયા હોય તો તેની જાણ નથી પણ 'બાપાની પીંપર' કાવ્ય લખાયા પછી બરાબર સો વર્ષે હસિત બૂચ આ પીંપરની શોધ માટે વઢવાણ આવે છે. હસિત બૂચ 'દલપતરામ - એક અધ્યયન' લખી રહ્યા છે અને દલપતરામ સંબંધી માહિતી મેળવવા એક થી વધુ વાર વઢવાણ આવ્યા છે. વઢવાણના પિતૃક મકાન પણ જોઇ ગયા છે, પણ પીંપરનો પત્તો લાગ્યો નથી.

આ પછી સૌરાષ્ટ્ર ઈતિહાસ સંશોધન સભાના બામણબોર - અધિવેશનમાં વિજયશંકર કામદારે 'દલપતરામના પિતા ડાહ્યાભાઈએ વાવેલી પીંપર વઢવાણ - લીંબડીના મારગ ઉપર હતી જે હાલ સચવાયેલી નથી, પણ એની સ્મૃતિ કાયમ રાખવા વઢવાણના પાદરમાં નવી વાવવામાં આવેલ છે. એવી માહિતી આપી. આજે આ પીપર લાખુવાવના પટાંગણમાં આવેલી છે. આ દ્રષ્ટિએ લાખુવાવનું મહત્વ અનેકગણું વધી જાય છે. લાખુવાવના જિર્ણોદ્ધારના સાથે જ 'બાપાની પીંપર'ને પણ યોગ્ય રક્ષણ મળ્યું છે. હવે આ જિર્ણોદ્ધારને એક કદમ આગળ લઈ જઈને કવિ શ્રી દલપતરામના સ્મારક તરીકે તેનો વિકાસ કરવો ઘટે. અહીં આજુબાજુની જગ્યા સાફ કરીને સારો ભાગ બની શકે. દલપતરામની પ્રતિમા કૂકી શકાય અને 'બાપાની પીંપર' નીચે સુપ્રસિદ્ધ કવિતાની આરસશીલા ગોઠવી, કવિઅ ને કતિની એક સુમધુર સ્મૃતિ આકાર કરી શકાય. વઢવાના શિક્ષણ, સાહિત્ય, સાંસ્કૃતિપ્રેમી નાગરિકોને આના વિશુ વધુ વિચારવું ઘટે.

**નરોત્તમ પલાણ**



# લોકમાન્યતા અને ઈતિહાસ

ઇતિહાસકારો એમ કહે છે કે કેટલીકવાર લોક માન્યતા એવી પ્રબળ હોય છે કે એ ઈતિહાસને ઢાંકી દે છે. ઈતિહાસ ગમે તેવા પુરાવા રજૂ કરે, દલીલો કરે પણ લોકમાન્યતા સામે તે હારી જાય છે. આ લેખમાં વરસોથી ચાલી આવતી લોક માન્યતાને ઠેસ પહોંચાડવાનો ઈરાદો નથી, પણ ઈતિહાસની દ્રષ્ટિએ, પુરાવા અને સંશોધનના આધવે કેટલીક રૂઢ માન્યતાઓમાં અને હકીકતમાં કેટલી વિસંગતતા છે, તે દર્શાવવાનો પ્રયત્ન છે.



## ભગવાન મહાવીરનું વર્ધમાનપુરમાં આગમન

એક માન્યતા છે કે ભગવાન મહાવીર સ્વયં અહીં પધાર્યા હતા અને તે સમયે આ ગામના શુલપાણ નામનો યક્ષ જે ખૂબ રંજાડ કરતો હતો, તેને ઉપદેશ આપી તેનો ઉદ્ધાર કર્યો. આ કથા કલ્પસૂત્રમાં આપવામાં આવી છે, તેમજ વઢવાણ રાજયના ઈતિહાસના પુસ્તકમાં પણ ભગવાન મહાવીર અને શૂલપાણી યક્ષનો વિગતવાર ઉલ્લેખ છે.

હવે હકીકત એ છે કે ભગવાન મહાવીરે ક્યારેય પશ્ચિમ ભારતમાં પરિભ્રમણ કર્યું નથી. શક્ય છે કે ભગવાન મહાવીરના કોઈ જૈન સાધુ અહીં આવ્યા હોય અને તેમના ઉપદેશને કારણે તેમના અનુયાયીઓ અહીં મોટા પ્રમાણમાં થયા હોય. તેમના દ્વારા મહાવીર સ્વામીની દેરીનું નિર્માણ થયું હોય અને તેમાં ભગવાનના પગલાં મુકાયા હોય.

કલ્પસૂત્રમાં શૂલપાણી નામના યક્ષનો જે પ્રસંગ છે તે હકીકતે ભગવાન મહાવીર કદી બિહારની બહાર ગયા નથી હોવાનો સંભવ છે.

શ્રાઘેશ્વરી મંદિરમાં પૂજાતી પ્રતિમા નિઃશંક જૈન પ્રતિમા - ભૈરવ છે. ઘણા વર્ષો અગાઉ ખોદકામ કરતી વખતે આ પ્રતિમા મળેલ.

## કિલ્લો

કેટલાકની માન્યતા છે કે વઢવાણનો કિલ્લો સોલંકી કાળનો છે, કેટલાકની માન્યતા છે કે તે સલ્તનત કાળનો છે પરંતુ હાલનો કોટનું વિસ્તરણ ઝાલા રાજવીઓના કાળનો ઈ. સ. ૧૮૩૫ ની આસપાસમાં થયેલ છે, જૂનો કોટ હાલના નવા દરવાજાથી ધોળીપોળ, અંદરના દરવાજાથી છે તે વાઘેશ્વરી પાસેથી હાલની પશ્ચિમની દિવાલને મળી જતો હશે, જયારે હાલનો કોટ નવા દરવાજાથી ધોળીપોળ બહારના દરવાજાથી ખાંડી પોળ - નદી કાંઠે થઈને જૂના કોટ સાથે મેળવી દીધેલ છે. લડાઇના સમયમાં કોટ તૂટતાં ખાંડો થવાથી તે વિસ્તારમાં આવેલા દરવાજાને ખાંડીપોળ એવું નામ મળ્યું.

બીજું એ છે કે સ્મશાન હંમેશા ગામની બહાર પાદરમાં જ હોય. રાણકદેવી ભોગાવા નદીને કાંઠે સતી થઇ હતી. વળી રાજયનું સ્મશાન પણ આ વિસ્તારાં રાણકદેવીના મંદિર પાસે છે. ભોગાવા નદીમાં ભારે



પૂર આવતું હશે, ત્યારે તેના પાણી રાજવી સ્મશાનને તથા રાણકદેવીના મંદિરની આસપાસ ફરી વળતાં હશે. ભોગાવાના પુરને અટકાવવા માટે રાજવી સ્મશાન અને રાણકદેવીના મંદિરને, કોટમાં વધારો કરવામાં આવ્યો તે વખતે અંદર સમાવી લેવામાં આવ્યા હોય તેમ પૂરી શક્યતા છે.



## રાણકદેવીનું મંદિર

રાણકદેવી વઢવાણમાં સતી થયાનો ઉલ્લેખ જૂના સાહિત્યમાં મળી આવે છે પરંતુ આજે આ નામે ઓળખાતું મંદિર હકીકતમાં રાણકદેવીના સમય પહેલાનું છે. વિધ્વાનો આ મંદિરને ૧૦મી સદીનું ગણે છે અને તે શિવાલય હોવાનો સંભવ છે.

## પાડા મસ્જિદનો ચોક

સામાન્ય રીતે જ વિસ્તારમાં જે જ્ઞાતિની વસતી હોય ત્યાં તેમના મંદિર હોય. બ્રાહ્મણોની જ્યાં વસતી હોય તો ત્યાં શિવાલય હોય, જયાં જૈનોની વસતી હોય ત્યાં જિનમંદિર હોય. સામાન્ય રીતે જૈન વેપારીઓનો વસવાટ ગામના છેવાડાના ભાગમાં નહોતો રહેતો, તેઓ તો ગામના મધ્ય ભાગમાં વસતા. એ પ્રમાણે રાજવી કુટુંબ પણ ગામની મધ્ય ભાગમાં વસતા, મુસ્લિમોના ઘર ગામના છેવાડે રહેતા, તે જ પ્રમાણે લડી શકે તેવી બધી વસતી ગામના છેવાડે વસાવવામાં આવતી હતી.

હાલમાં પાડા મસ્જિદ તરીકે ઓળખાતી મસ્જિદ જૂના કાળમાં જિનાલય હોવાનું જણાય છે. ઇસ્લામના આ ગામમાં આગમ સમયે તે જિનાલયનું મસ્જિદમાં રૂપાંતર થયાનું જણાય છે. આ અંગે એક લેખ પણ મળી આવેલ છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે પાજા વશી નામના જૈન ગૃહસ્થે જિનાલયનું નિર્માણ કર્યુ. (આગળ નોંધ છે) એવું પણ બનવા જોગ છે કે આ ચોક જૂના સમયમાં વાજા વશી ચોકના નામે ઓળખાતો હોય અને પછી પાડા મસ્જિદનો ચોક એવા નામથી ઓળખાવા લાગ્યો હોય.





## વઢવાણની મહત્વના દર્શાવતો એક દુહો અહીં પ્રચલિત છે.

**વઢવાણે એભલ, લે સમીપ બે લાખ,**
**ભાલે ઈરાની ભંજીયો, સૂરજ પૂરે શાખ.**

વઢવાણમાં વાળા વંશનું રાજ હતું, તે અંગે કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી, અને આ નગર ઉપર ઈરાનીઓએ આક્રમણ કર્યાનું પણ ક્યાંય નોંધાયું નથી.
આમ લોકમાન્યતાઓ ઈતિહાસની હકીકતમાં પણ વધુ પ્રબળ હોય છે.

**મુકુન્દભાઈ રાવલ**

# આઝાદી પહેલા

# વઢવાણના આગેવાનો



ફુલચંદભાઈ, અમનભાઈ અને શિવાનંદજી આઝાદી પહેલાં વઢવાણના આગેવાનો તો હતા જ પરંતુ તે સમયે તેઓ સમગ્ર કાઠિયાવાદના આગેવાનો તરીકે પણ જાણીતા હતા તેમાં એક નામ ઉમેરવું પડે તેમ હતું તે હતા મણીલાલ કોઠારી. તેઓ ભૃગુપુરના હતા પરંતુ જોરાવરનગરમાં રહેતા હતા. તેઓ માત્ર કાઠિયાવાડમાં નહીં પણ ગુજરાતમાં જાણીતા હતા. મોહનલાલ પિતાંબરદાસ સંઘવી, ધ્રાંગધ્રા રાજય હદપાર કર્યા હોવાથી તેઓ વઢવાણ આવીને વસ્યા હતા. તેઓ પણ ધ્રાંગધ્રા - વઢવાણના આગેવાન હતા, આ ઉપરાંત બેરી પોપટલાલ ઘુડગર, તલકશીભાઈ દોશી વઢવાણ અને રાજકોટ બન્ને સ્થળે આગેવાનો તરીકે જાણીતા હતા.

વઢવાણ રાજ્ય 'રામ રાજ્ય' ગણાતું અને અહીં રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓ થઈ શકતી હતી. તેથી તેમજ ગામને ફુલચંદભાઈ- ચમનભાઈ - શિવાનંદજી જેવા આગેવાનો મળ્યા, અને મોતીભાઈ દરજી જેવા યુવાનોને પડનારા કર્મશીલ કાર્યકર મળ્યા તેથી રાજકીય અને સામાજિક ક્ષેત્રે વઢવાણમાં અન્ય રજવાડા કરતા સવિશેષ જાગૃતિ આવી હતી અને અહીં સારા પ્રમાણમાં કાર્યકરો ઉભા થયા.

પ્રાણલાલ વીરચંદ વોરા ફુલચંદભાઈના શિષ્ય, તેમજ રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થી, વઢવાણમાં તેઓ વર્ષો સુધી સક્રિય રહ્યા હતા. ત્યારબાદ મુંબઈ વસવાટ શરૂ કરીને ત્યાં 'વઢવાણ મિત્ર મંડળ પત્રિકા' ના તંત્રી તરીકે તેમણે મહત્વની સેવા કરી હતી તેમણે 'વઢવાણ ની ચડતી-પડતીના ચકકરમાં - પુસ્તક લખ્યું છે, જેમાં વઢવાણની સાંસ્કૃતિક, રાજકિય અને સામાજિક પ્રવૃત્તિઓનો વિગતવાર ખ્યાલ આપવામાં આવ્યો છે. આમાંથી પહેલા વઢવાણમાં કોણ આગેવાનો હતા તે વિગત પણ તેમના પુસ્તકમાંથી મળી રહે છે.

આ હતા વઢવાણના આઝાદી પહેલાનાં મહાજનના અને ગામના આગેવાનો :- વોરા થાવરભાઈ, ડાહ્યાભાઈ જેઠાભાઈ, નાગરદાસ જેઠાભાઈ, વીરચંદ મલુકચંદ, લક્ષ્મીચંદ શેઠ, મગનલાલ હરખચંદ, વાડીલાલ દેવજીભાઈ, માણેકચંદ વખતચંદ, ચુનિલાલ ત્રિભોવનદાસ, દાદભા વાળા, કાનજીભાઈ નારણભાઈ, હિરાલાલ સુખલાલ, મનસુખલાલ ઉકાભાઈ, મગનલાલ ડાહ્યાભાઈ. શિવલાલ હીમજીભાઈ, શાંતિલાલ ત્રિકમદાસ, નાગરદાસ છગનલાલ શાહ. વાડીલાલ મલુકચંદ, મણીલાલ ચુનીલાલ,

જીવણલાલ આલજીભાઈ, ભગવાનદાસ નારણદાસ, વજુભાઈ નરશીભાઈ, જગજીવનદાસ લક્ષ્મીચંદ, બેચરદાસ નારિયાણિયા, મણીશંકર રેવાશંકર ભટ્ટ, ભાઈશંકરભાઈ, ચુનીલાલ પંચોલી, સુખલાલ મો. શાહ અને સુખલાલ માણેકલાલ શેઠ હતા.





## યુવક સંઘ

ફુલચંદભાઈની પ્રેરણાથી વઢવાણમાં યુવક મંડળ ચાલતું હતું જે પ્રજામાં રાજકિય જાગૃતિ માટેની કામગીરી કરતું હતું. તેમજ પ્રજાના પ્રશ્નો અંગે લોકમત ઉભો કરવો, આંદોલન પણ ચલાવતું હતું. ૧૯૩૯ માં જયારે યુવક સંઘની સ્થાપના થઇ ત્યારે તેના પ્રમુખ તરીકે અમદાવાદમાં રહેતા વઢવાણના જાણીતા લેખક, વિવેચક, નવલરામ જ. ત્રિવેદી પ્રમુખ, અને સુખલાલ ઓઘડભાઈ શાહ જે મુંબઈથી વઢવાણ આવી સ્થિર થયા હતા. તે મંત્રી તરીકે કામગીરી બજાવતા હતા. તેમના સાથીદારોમાં હતા ચમનદાસ ટી. શાહ, અમુલખ કેશવજી શાહ, ન્યાલચંદ મુળચંદ શાહ (ભગતભાઈ) યુવક સંઘની કારોબારીમાં હતા જગુભાઈ પી. શાહ, રમણીકલાલ ટી. દોશી, ચુનિલાલ પી. મુડગર, જયંતિલાલ કોઠારી, ગિધુભાઈ પી. શાહ, હિંમતલાલ એન. દોશી, રતિલાલ જે. દોશી, ચુનિલાલ પી. પંચોળી, રૂગનાથદાસ કંસારા, હરગોવિંદાસ કંસારા, ગિરધરલાલ નાગરદાસ શાહ.

૧૯૩૦ ના અરસામાં રતિલાલ હરગોવિંદદાસ ડગલી દર રવિવારે હસ્તલિખિત 'રાષ્ટ્રધ્વજ' નામની પત્રિકા બહાર પાડતા હતાં. જેમાં આઝાદીના જંગના સમાચારો લખતા હતા.

યુવક સંઘનાં મંત્રી પ્રાણલાલ વોરાના તંત્રી પદે 'વીર' નામની હસ્તલિખિત પત્રિકા દર શુક્રવારે પ્રકાશિત કરવામાં આવી હતી. શહેરમાં જુદી જુદી આઠ જગ્યાએ તે ચોડવામાં આવતી. આ પત્રિકામાં રાજય તરફથી થતા અન્યાયએ ખુલ્લા જીલ્લા પ્રગટ કરવામાં આવતા હતા. આ પત્રિકા ૧૯૩૨ થી ૧૯૪૨ સુધી ચાલી રહી હતી

# ફુલચંદ ભાઈ અને સરદાર પટેલ:

## ધ્રાંગધ્રા

ફુલચંદભાઈ શાહ આઝાદી પૂર્વેના કાઠિયાવાડમાં એક આગેવાન કાર્યકર હતા. સ્વભાવે કોઈપણ અન્યાક સહન નહિં કરનારા ફલચંદભાઈ કાઠિયાવાડ રાજકિય પરીષદમાં મંત્રી હતા. પરિષદનું કાર્યમથક તે વખતે વઢવાણમાં હતું. મોરબી સત્યાગ્રહ પછી સુરત જ ૧૯૩૨ માં ધ્રાંગધ્રાનો રાજય તરફથી - કાર્યકરોને ખૂબજ કનડગત થતી હતી.

આ અરસામાં મહાત્માજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે વિલાયત ગયા હતા. રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ એ વખતે સરદાર વલ્લભભાઈ પટેલ હતા. દેશી રજવાડામાં કોઈ લડત ન ઉપાડવી તેવો તેમનો સામાન્ય ખ્યાલ હતો. આ સંજોગોમાં ફુલચંદભાઈએ



ધ્રાંગધ્રા રાજય સામે લડતની શરૂઆત કરી. કેટલાક કાર્યકરો પણ આવી લડત શરૂ કરવાના મતના નહોતા. ફુલચંદભાઈ માટે આ લડત એ સ્વમાનનો પ્રશ્ન હતો.

ફુલચંદભાઈ તેમના ૭૫ વરસ વયોવૃધ્ધ માતા સાથે સત્યાગ્રહ કરીને ધ્રાંગધ્રાની જેલમાં ગયા.

ધ્રાંગધ્રા રાજયની જોહુકમી સામે કેટલાક કાર્યકરો નમી પડયા, માફી માગી અને છૂટયા. ફુલચંદભાઈ અણનમ રહ્યા હતા પરંતુ મહાસભાએ સ્વમાનની આ લડતમાં સાથ ન આપ્યો, તેનો તેમના મનમાં ભારે રંજ હતો, જે તેમની ડાયરીમાંથી જોવા મળે છે.

" સૌથી વિશેષ કલેશ થાય તેવું કારણ તો મહાસભાના પ્રમુખશ્રીએ આપ્યું. પૂ. સરદાર વલ્લભભાઇ પટેલ મહાસભાના તેમજ પરિષદના પ્રમુખ હતા. તેમણે પરિષદની કાર્યવાહક સમિતિ બોલાવી નહિં. સમિતિની બેઠકની માંગણી રેકવીઝીશન થઇ, છતાં કાંઇ ન બન્યું મારી સાથેની તેમની વાતચીતમાં એમણે જણાવ્યું કે મારા બોલવાથી અથવા લખાણથી તમારી લડતને હાનિ પહોંચે તેથી મૌન રહ્યો છું અને રહીશ. મેં કહ્યું અમારી આપની પાસે એટલી જ માંગણી છે, બાકી, અમે અમારી શક્તિ મુજબ કામ કરીએ છીએ."

"આમ છતાં ૧૮મી ડીસેમ્બરના અરસામાં છાપાવાળાને મુલાકાતા આપતાં એમણે જણાવ્યું કે ધ્રાંગધ્રાની લડત સાથે મહાસભાને લેવા દેવા નથી અને આવી ચળવળ કોઈપણ દેશી રાજયમાં મહાસભા ચલાવવા દે પણ નહિ. આ ખુલાસાથી રાજસ્થાની પ્રજાના અંતર ચીરાયાં અને ર૧મીના સામુહિક સવિનય ભંગના કાર્યક્રમને ધકકો લાગ્યો ."

"મહાસભા આ લડતની વિરૂદ્ધ છે, એવા ખુલાસાથી ધ્રાંગધ્રા રાજયને ખાત્રી થઈ અને નોકરશાહીના હાથ જબૂત બન્યા. હવે રાજયે જુલમ, જહાંગીરી અને મારફડનો રસ્તો ગ્રહણ કર્યો. બળજબરીથી સૈનિકો પાસેથી ફીપત્રો લેવાનું કામ શરૂ થયું. હળવદની હડતાલ તૂટી. લડતમાં ભાગ લેવા આવતા સૈનિકો ગભરાવા લાગ્યા. -તમાં પડેલા સૈનિકો મૂંઝાયા. વાડ થઈને ચીભડાં ગળે એવી વાત બની. કેદમાં પડેલાની શી વલે થશે એની બહાર લા સૌને ચિંતા થવા લાગી. હદપારીમાંથી અમુક ભાઈઓ તદ્દન ઢીલા પડયા."

સૌને એકજ મહાદર્દ થયું કે અમે મહાસભાનો શો ગુન્હો કર્યો હતો કે મદદ કરવાને બદલે અમને જલ્લાદને શ્રી દીધા. પૂ. મહાત્માજી આઠ-દસ દહાડામાં વિલાયતથી પધારવાના હતા છતાં સરદાર વલ્લભભાઈ પટેલ એટલા વખત માટે મૌન કાં ન રહી શક્યા ?

સરદાર તો ધ્રાંગધ્રાની બાબતમાં પોતે જે માનતા હતા તે બરાબર હતું, તેમ માનતા હતા. જે તેમના ફુલચંદભાઇ ના તા. ૧૭/૬/૩૪ નાં પત્ર ઉપરથી જણાય છે. આ પત્ર નાસિક સેન્ટ્રલ પ્રિઝનમાંથી લખાયેલ આ પત્રમાં રની રમુજવૃત્તિ પણ જોવા મળે છે.

"તમારો તા. ૧૫/૬/૩૪ નો કાર્ડ મળ્યો. ખૂબ આનંદ થયો. મારી તબિયત વિશે તમે પૂછાવો છો. તો શું લખું ?. ખેડુતની તબિયતને શું થાય ? હું જેલમાં પેઠો તે વખતે જેવો હતો તેવો જ છું. એમાં કશો ફેરફાર પડયો નથી માત્ર અઢી વરસ ઘટાડો થયો એમ તો કબૂલ કરવું જ પડે."



ફૂલચંદ શાહ સ્વામી શિવાનંદજી



'મને તમે બહાર જોવા ઇચ્છો છો મારી મુદ્દલ ઇચ્છા નથી. આપણે એવું કશું શુરાતન બતાવ્યું નથી કે અહીંથી બહાર આવી શકાય. દયાથી આવવું કોને ગમે ? મને તો ન જ ગમે, તે તમે જાણો છો. અને પ્રભુ કરશે તો દયાદાન મળશે પણ નહિં કારણ કે એ જાણે છે કે હું દયાને પાત્ર નથી. એટલે કુપાત્રે દાન શું કામ કરે ? ઇશ્વરની મરજી પ્રમાણે બધું બને છે.

જે થાયછે એ ઠીક થાય છે. એમ માનું છું. પ્રજાનું ઘડતર પાકું થાય છે. બાપુના કિમિયાની પૂરી કસોટી છે. મને વિશ્વાસ છે, પરિણામ રૂડું જ આવશે."

તમે બધા હરિજન આશ્રમ ચલાવી રહયા છો એ તમારા કાગળ પરથી જોઉં છું. બાપુ આવે છે. હિસાબ માંગશે આવી ગયા પછી શું થયું તે મને લખશો. "ખોબા જેવડા કાઠિયાવાડમાં હરિજનના કાર્યવાહકોમાં કેટલા તડ છે ?" બધું એકત્ર થાય તો કેવું શોભે ?

ધ્રાંગધ્રા પ્રકરણથી તમારૂં દીલ દુભાયું હોય એમ મને ભાસ થયો હતો. ત્યારપછી આજે જ તમારો પહેલો પત્ર મળ્યો. એથી તમારા દિલમાં ઉંડે - ઉંડે માનું છું કે કોઇ રોષ રહ્યો નથી. મારી ભૂલ કયાંય થઇ નથી એમ મને હજુ ચોકકસ લાગે છે. બાપુ મારી સાથે પૂરા સંમત છે પણ આખરે તો માણસ, અપૂર્ણ જ છે ને ? એટલે શું કહી શકાય કે કોનો દોષ ?

# જૈન પરંપરાનું મહત્વનું કેન્દ્ર : વઢવાણ

ગુજરાતના જાણીતા પુરાવિદ નરોત્તમ પલાણે એક સ્થળે નોંધ્યું છે કે, વઢવાણ નગર પોતાના હૈયામાં છેલ્લા ૨૦૦૦ વરસનો ઈતિહાસ સાચવીને બેઠું છે. એવું: આ પુરાણું નગર છે. લોક સાહિત્યમાં પણ આ નગરની પૌરાણિકતા વિશે ઉલ્લેખ મળી આવે છે કે : 'વળા અને વઢવાણ. પાટણ તો પાછળથી વસ્યું. એટલે કે વળા અને વઢવાણ તો પ્રાચીન નગરી, પાટણ નગર તો પાછળથી વસ્યું. સૌરાષ્ટ્રમા વલ્લભી સામ્રાજયનો સૂરજ સોળે કળાએ પ્રકાશતો હતો તે સમયે પણ વઢવાણ નગરનું અસ્તિત્વ હતું જ.



અરવિંદ આચાર્ય

શંભુપ્રસાદ દેસાઈએ એક સ્થળે નોંધ્યું છે કે વલ્લભી સામ્રાજયનાં સમયમાં સૌરાષ્ટ્રમાં જૈન ધર્મની મહત્તા ગણનાપાત્ર હતી. જૈન સાધુઓ અને વિદ્વાનોએ ધર્મના સિદ્ધાંતોની ચર્ચા કરતા ગ્રંથો તેમજ ન્યાયના પુસ્તકો આ સમયમાં લખાયા હતા.

વઢવાણમાં જૈન ધર્મનો પ્રભાવ જૂના સમયથી રહ્યો છે. જૈન ધર્મના અનેક આચાર્યોએ આ ધરતી ઉપર અનેક પુસ્તકોની રચના કરી છે. ગુજરાતના રાજકિય અને સાંસ્કૃતિક ઈતિહાસના લેખકે જણાવ્યું છે કે, સોલંકી કાળમાં વઢવાણ દિગંબર જૈન સંપ્રદાયનું મુખ્ય મથક હતું.

રસેશ જમીનદાર તથા શંભુપ્રસાદ દેસાઈએ નોંધ્યું છે કે, ઈ. સ. ૭૮૩ માં દિગંબર જિન સેન સૂરિએ વઢવાણના ચૈત્યોમાં 'હરિવંશ પુરાણ' નામે જૈન પુરાણની રચના કરી હતી.

મુનિશ્રી દર્શનવિજય, જ્ઞાનવિજય અને ન્યાયવિજય - આ ત્રણ મુનિ મહારાજો સંપાદિત 'જૈન પરંપરાનો ઈતિહાસ' પુસ્તકમાંથી વઢવાણમાં જૈન સાહિત્ય સારા એવા પ્રમાણમાં રચાયું તેનાં તેના અહીં જે ધાર્મિક પ્રવૃત્તિઓ થઇ તેની વિગતો મળી રહે છે. તે મુજબ, વિક્રમની ૯મી સદીમાં વિદ્યાધર ગચ્છના આચાર્યોએ વઢવાણ વગેરે સ્થાનોમાં સ્થાપના તિર્થ બનાવ્યા.

સરવાલ ગચ્છના ચૈત્યવાસી આચાર્ય જિનેશ્વર સૂરિએ સંવત ૧૧૭૩ માં ફાગણ વદ ૪ નાં રોજ વઢવાણમાં શ્રી શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

## ઉદયન મંત્રી: નકલી જૈન સાધુનો જૈન ધર્મનો સ્વીકાર

ગુજરાતનાં રાજા કુમારપાલના મહા અમાત્ય સાથે વવાણનો એક વિશિષ્ટ પ્રસંગ જોડાયેલો છે .

રાજા કુમારપાલે સાંગણ ડોડિયાને વશ કરવા માટે મહા અમાત્ય ઉદયનને લશ્કર લઈને મોકલ્યા. મહા અમાત્થ સાથે રાજાનો ભ્રાતા કિર્તીપાલ તથા આલ્હણ ચૌહાણ વગેરે હતા.

આ કુચ વખતે, વચગાળાના સમયમાં મહા અમાત્ય ઉદયન શત્રુંજય તિર્થની યાત્રા કરીને લશ્કર સાથે જોડાઈ ગયા હતા. સાંગણ સાથે થયેલી લડાઈમાં સાંગણની હાર થઈ આ લડાઈમાં મહા અમાત્ય ઉદયન સારી રીતે ઘવાયા હતા.

ઘવાયેલા મહા અમાત્ય અને એમના લશ્કર જયારે વઢવાણની છાવણીમાં આવી પહોંચ્યા ત્યારે મહા અમાત્ય તેમને પડેલા ઘા ને કારણે તેમજ વૃધ્ધાવસ્થાને કારણે ખૂબજ અશક્ત બની ગયા હતા. તેમને જયારે મનમાં એમ લાગ્યું કે પોતે હવે વધુ સમય નહિં જીવે, ત્યારે તેમણે રાજાના ભ્રાતા કિર્તીપાલ તેમજ અન્ય સામંતોને બોલાવ્યા અને પોતાનાં મનની વાત કરી. તેમણે પોતાના પુત્રો આવડ અને બાહડને શત્રુંજય તિર્થ તેમજ ભરૂચનાં શકુનિકા વિહારનો જિર્ણોધ્ધાર કરવા તેમજ શત્રુંજ્ય તિર્થ ઉપર ચડવા માટે પાજ બંધાવવા સૂચના આપી હતી.

ઉદયન મંત્રીએ એવી ઇચ્છા વ્યકત કરી તેમને મૃત્યુ પહેલાં કોઇ મુનિ મહારાજ મૃત્યુની અંતિમ આરાધના સંભળાવે. ગામમાં કોઇ મુનિ મહારાજ હોય તો તેમને શોધી લાવવા માટે રાજાના નોકરીયાતો ફરી વળ્યા, પણ કયાંય મુની મહારાજ ન મળ્યા.આખરે સામંતોએ તથા અંતવાસીઓએ એક રસ્તો કાઢો. એક ગુવાન બહુરૂપીને જૈન સાધુનો વેશ પહેરાવી તેને મહા અમાતથ પાસે રજુ કરવો, બહુરૂપી યુવાન મળી આવ્યો. તેને સમજણ આપી, જૈન મૂર્તિનો વેશ પહેરાવી તેને મહા અમાત્ય ઉદયન પાસે રજુ કરવામાં આવ્યો.

મડા અમાત્ય મુનિ મહારાજને ભાવપૂર્વક નમસ્કાર કર્યા અને સ્વયં દશ પ્રકારની મરણ સંબંધી આરાધના કરી અને સ્વસ્થ ચિત્તે આ દુનિયામર્માથી વિદાય લીધી, મહા અમાત્વનો અગ્નિ સંસ્કાર ભોગાવાને કહિ કરવામાં આવ્યો. આ પરસ હતું - સંવત ૧૨૦૮.

આ તરફ પેલા બહુરૂપી યુવાનના મનમાં પણ મનોમંથન ચાલતું હતું થોડી ક્ષણો માટે પણ તેના જેવા નાના માનવીએ - બહુરૂપીએ - નકલી જૈન સાધુનો વેશ ભજવ્યો અને ગુજરાતના મહા અમાત્યે તેને વંદના કરી, તો સાચો સાધુ બનુ તો તો કેવો લાભ થાય ? આમ વિચારી તેણે સાધુનો વેશ ત્યજયો નહિં - તે જૈન સાધુ બન્યો, અને ગિરનાર તિર્થમાં જઈને તેણે અનશન કર્યું.

ઉદયનના વંશાજોએ તથા શ્રી સંપે નદી કિનારે વર્ધમાન તિર્થોની ફરી સ્થાપના કરી. (પૂર્વ અહીં તેમની દેરી હતી તેથી તેનો જિર્ણોધ્ધાર હોવાનો સંભવ છે) ત્યારપછીના કાળમાં આ સ્થાનનો જિર્ણોધ્ધાર થયો છે. આજે આ સ્થાન યાત્રાનું સ્થાન બન્યૂ: છે છેલ્લો જિર્ણોધ્ધાર વિક્રમની ૧૯મી સદીમાં વઢવાણના જૈન સંઘે કર્યો હતો.

આચાર્ય દેવસૂરિ જેઓ આચાર્ય સર્વાનંદના શિષ્ય હતા તેમણે આચાર્ય દેવેન્દ્ર પાસે ન્યાયશાસ્ત્રી અને આચાર્ય હરીના પાસે સર્વ સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. તેમણે સંવત ૧૨૫૪ માં વઢવાણમાં 'પઉમ ચરિય' ની રચના કરી હતી.

ગુજરાતના પ્રખ્યાત મંત્રી વસ્તુપાલે સંવત ૧૨૮૭ માં શત્રુંજય તિર્થનો યાત્રા સંઘ કાઢયો હતો. વઢવાણનાં નગરશેઠે તેને સત્કારમાં દક્ષિણાવર્ત શંખ આપ્યો મંત્રી વસ્તુપાલે તેનો સ્વીકાર કર્યો અને બદલામાં પોતાનો પ્રભાવશાળી શંખ આપી સાધર્મિક પ્રેમનો દાખલો પૂરો પાડયો.

વીર ધવલ તથા વિસવ દેવ (સંવત ૧૩૦૨-૧૩૧૮) ગુજરાતના રાજા હતા. તે દરમ્યાન, વિસવદેવની આજ્ઞા મેળવી જગડુ શાહે વઢવાણમાં ચોવીસ દેરીવાળો જિન પ્રાસાદ બંધાવ્યો.

આચાર્ય મેરૂ તુંગ સુરિ જેઓ આચાર્ય ચંદ્રપ્રભુસૂરિનાં પટ્ટઘર હતા તેમણે સંવત ૧૩૬૧ નાં ફાગણ સુદ ૧૫ ને રવિવારનાં રોજ વઢવાણ શહેરમાં 'પ્રબંધ ચિંતામણી' ગ્રંથની રચના કરી. આ ગ્રંથ આજે પણ ગુજરાતના ઈતિહાસના મહત્વના સાધનોમાંનો એક ગ્રંથ ગણાય છે.



## પાજા વસહી જિનાલય

ભ. વિબુધપ્રભુસુરિ જેઓ આચાર્ય હરિભદ્રના શિષ્ય હતા અને આચાર્ય ચંદ્રસિંહની પાટે આવ્યા હતા. તેમણે સંવત ૧૩૯૮ (?) વૈશાખ સુદી ૩ નાં રોજ વઢવાણ શહેરમાં પાજા વસહી જિનાલયમાં શેઠ પાજાની પુત્રવધુ રત્નદેવીએ ભરાવેલ ભ. નેમિનાથની સપરિકર પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

પ્રતિમા ઉપરના લેખમાં ૧૩૯ પછીનો ભાગ ત્રટક છે - તેથી તે કયો આંક હશે તે જાણવાનું સાધન નથી. વઢવાણ શહેરમાં શામળા પાર્શ્વનાથના શિખરબંધ દેરાસર પાસેના ઉપાશ્રયમાં કાળા રંગના પથ્થરનું પરિકર છે. તેના ઉપર આ લેખ છે. આપણે એટલું તો અવશ્ય કહી શકીએ કે તે ઉકત સૈકાના અંતભાગમાં આ ભવ્ય જિનાલયનું નિર્માણ થવા પામ્યું હશે.



# પાડા મસ્જિદ

મુસ્લિમ કાળમાં આ પાજા વસહી જિનાલયનો નાશ થયો અને અને તેના એક ભાગમાં એક મસ્જિદનું નિર્માણા થયું. આજે વઢવાણમાં 'પાડા મસિદ' ના નામે ઓળખાય છે.

## વઢવાણના ગ્રંથો જેસલમેરમાં સુરક્ષિત

જૈન વિદ્વાનો દ્વારા જુદા જુદા સમયે મોટા પ્રમાણમાં સાહિત્યનું સર્જન થતું હતું. મુસ્લિમ કાળ દરમ્યાન જયારે મંદિરો ઉપર આક્રમણ થવા લાગ્યા અને મંદિરો તેમજ તેમાં સંગ્રહિત સાહિત્યનો મુસ્લિમ આક્રમણકારો દ્વારા નાશ થવા લાગ્યો ત્યારે આ સાહિત્યને કેવી રીતે સાચવવું તે જૈન આચાર્યોને મુંઝવતો હતો. તેમણે આ માટે જેસલમોરની પસંદગી કરી.

જેસલમેર એવા સ્થળે વસ્યું હતું કે જયાં ચારે તરફ ગાઉના ગાઉ સુધી રેતીનાં ભયાનક મેદાનો નજરે પડે છે. આવા એકાંત અને સુરક્ષિત સ્થાનનો જૈન આચાર્યોએ વિચાર કર્યો. તેમણે પાટણ, ખંભાત, ભરૂચ, વડનગર અને વઢવાણ વગેરે સ્થાનોના સાહિત્ય ભંડારો આ સ્થળે લાવીને સુરક્ષિત રાખ્યા હતા.

વઢવાણ શહેરમાં શ્રી સંઘે ભ. ઋષભદેવ તથા શામળા પાર્શ્વનાથના બે દેરાસર બંધાવ્યા તે બન્ને મંદિરો આજે વિદ્યમાન છે.

શ્રી સંઘે ઋષભદેવના દેરાસર પાસે ભ. શાંતિનાથનું બે માળનું ભવ્ય દેરાસર બંધાવ્યું છે. આ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૨૦૦૪ નાં વૈશાખ સુદી ૬ ને શનિવાર તા. ૨૯/૪/૪૮ નાં રોજ થઇ હતી.

વઢવાણમાં જૈન પરંપરાનો ટુંકો પણ પ્રભાવશાળી આ પરિચય છે. આ નગરમાં અભ્યાસીઓ માટે હજુ પણ ઘણું બધું સાહિત્ય ઉપલબ્ધ થાય તેમ છે - તેમ કરવાની કોઇને પ્રેરણા મળે તો, આ લેખનો ઉદ્દેશ સફળ થયો છે. શ



# ૩૦-૩૨ની લડત અને બહેનો

**એ** વખતે અમે થોડો સમય અમદાવાદ અને થોડો સમય વઢવાણમાં રહેતા હતા. અમદાવાદના પ્રમાણમાં વઢવાણ એ વખતે ખૂબ શાંત અને નાનકડું ગામ લાગે. મને તો વઢવાણનું નાનકડું એવું સ્ટેશન ખૂબ ગમતું. ઘણા લોકો સાંજે સ્ટેશન સુધી ફરવા જતા. સ્ટેશનની બહાર નીકળો એટલે રસ્તાની બન્ને બાજુ બાવળના ઢગલે ઢગલા, તેના પીળા ફુલ પવનમાં ઝુમતાં હોય, એ દ્રશ્ય ખૂબ મનોહારી લાગતું.

મારા બાપુજી-મણીશંકર રેવાશંકર ભટ્ટ તેઓ રાષ્ટ્રીય વિચાર સરણી ધરાવનારા, કોંગ્રેસના કામમાં ઘણો રસ લેતા. સત્યાગ્રહમાં ભાગ લઈને જેલ નિવાસ પણ કરેલો આથી ઘરમાં પણ કોંગ્રેસની વાતો થતી. તેમના મુખ્ય મિત્રો તલકશીભાઈ માણેકચંદ દોશી, બેરીસ્ટર પોપટલાલ ચુગર અને સુખલાલ શેઠ હતા. એ સહુ દેશ પરદેશની વાતો કરતા એ સાંભળવાનું મને ગમતું. મારા બાપુજી પણ ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, મોતીલાલ નહેરૂ અને જવાહરલાલજી વિશે મને વાત કરતા અમારા ઘરમાં એ વખતે 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને 'સૌરાષ્ટ્ર વર્તમાન પત્રો આવતા. 'સૌરાષ્ટ્ર' પત્ર દર અઠવાડિયે પ્રસિદ્ધ થતું અને અમે તેના આવવાની કાગને ડોળે રાહ જોતા. 'સૌરાષ્ટ્ર'ની ભાષા જોરદાર હતી. એમાં મેઘાણીભાઈના કાવ્યો અને લખાણ આવતા. સત્યાગ્રહની લડત અંગે 'સૌરાષ્ટ્ર' માં ઝીણી ઝીણી વિગતો આવતી. રજવાડાઓના ત્રાસ અંગે પણ તેમાં અનેક વિગતો પ્રસિદ્ધ થતી હતી.



અમદાવાદના અમારા વસવાટ દરમ્યાન થોડો સમય હું ત્યાંની ગાંધીવાદી શાળા 'નવી ગુજરાતી શાળા માં દાખલ થઈ હતી. તે શાળામાં ખાદીના કપડાં વિદ્યાર્થીઓએ પહેરવાનો નિયમ હતો. શાળાનું વાતાવરણ મુકત, પ્રેરણાદાયી અને રાષ્ટ્રીય ભાવના પેદા કરનારું હતું. બાપુ જયારે યરવડા જેલમાંથી છૂટયા ત્યારે અમારી શાળાએ ઉત્સવ મનાવ્યો હતો. શાળામાં અમે રેંટિયો કાંતતા. અમારા શિક્ષકને અમે ગુરુજી કહેતા અમારી શાળાના મોટા ગુરુજી પાનાચંદ સાંગાણી વિદ્યાર્થીઓમાં ખૂબજ પ્રિય હતા.

૧૯૩૦ માં લડત શરૂ થઈએ પહેલાં વઢવાણમાં ફુલચંદભાઈ શાહ, શિવાનંદજી, ચમનભાઈ વૈષ્ણવ, અને શારદાબેને પ્રજામાં અને યુવકોમાં ચેતના જગાડવાનું કામ કર્યું હતું અને તેથી લડત વેળાએ યુવકોમાં ચેતના જગાડવાનું કામ કર્યું હતું. અને તેથી લડત વખતે યુવકોમાં મોટા પ્રમાણમાં જાગૃતિ આવી હતી. આ સમયમાં મણીલાલ કોઠારી બહુ મીઠા બોલા હતા. મારી સગાઇ થઇ તે વખતે જોરાવરનગરથી ખાસ આશીર્વાદ આપવા માટે અમારા ઘેર આવ્યા હતા.

**ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે' એ '૩૦-'૩૨ ના સત્યાગ્રહ વખતે ખૂબ જ જાણીતું થયેલું. આઝાદીના જમાનાનું ગીત હતું. હજુયે મને એ જમાનામાં જે ગીતો ઘેર ઘેર ગવાતા, કે સભાઓમાં ગવાતા તેની કેટલીક લીટીઓ યાદ છે !**

1. ડંકો વાગ્યો, શૂરા જાગજો રે,

2. અમે ડરતા નથી હવે જુલ્મથી રે,
ભલે થાવાનું હોય તે થાય... અમે.

3. તારા વાગે નગારાં મોતના રે,
હજી ચેતી લેજે સરકાર... તારા.

4. શૂરવીર આવજો રે રણ માં,
ઉત્સાહ, ચેતન ભરજો નનમાં... શૂરવીર.

5. યુવકો ઝૂકાવજો રે,
ભારત આઝાદી જંગમાં,
લાજે જુવાની ઘરમાં ભરાયે,
આવી ઝુકાવો જંગમાં...યુવકો.

આ ઉપરાંત મેઘાણીભાઈનાં ગીતો અમને બધાંને કંઠે હતા. તેમાં ય 'છેલ્લો કટોરો' અને 'કોઈનો લાડકવાયો' લોકોનાં માનીતાં ગીતો હતાં. મુ. પ્રાણભાઇ આચાર્યને આ ગીતો એટલા ભાવથી ગાતા મેં સાંભળ્યા છે. આ સમયમાં ગાંધીજીનો અહિંસક સત્યાગ્રહ પણ ચાલતો અને સાથોસાથ ક્રાંતિકારીઓની હિંસક પ્રવૃત્તિઓ પણ ચાલતી હતી. લોકોને ગાંધીજી તરફ પ્રેમ હતો અને ક્રાંતિકારીઓ વીર ભગતસિંહ, દત્ત વગેરે તરફ પણ આદરભાવ હતો.

દાંડી કુચ વખતે અમદાવાદમાં સાબરમતીની રેતીમાં દરરોજ સાંજે સભા થતી અને ત્યાં કુચની વિગતો આપવામાં આવતી હતી. તેમ મારા બા કહેતા હતા. આપણા વઢવાણમાં એ જમાનામાં દરરોજ



સવારે પ્રભાત ફેરી નીકળતી. મારા મોટાભાઈ નટવરલાલ મણીશંકર ભટ્ટ ગળામાં નાનકડું હારમોનિયમ લટકાડી પ્રભાત ફેરીમાં જતા. સાંજે સરઘસ નીકળતું અને રાત્રે મોતીચોકમાં સભા ભરાતી. સભાની જાહેરાત થાળી વગાડીને વિદ્યાર્થીઓ કરતા અને રાત્રે સભામાં મોતીચોક ચિક્કાર ભરાઈ જતો હતો. હું પણ સભા અને સરઘરમાં ભાગ લેતી. ખાદી પહેરતી. જુના જમાનાનો લાકડાંનો રેંટિયો ચલાવતી અને તકલી ફેરવતા મને આવડી ગયું હતું. વઢવાણની સભામાં શરૂઆતમાં શાંતિ અને વ્યવસ્થા સ્થપાય તે માટે આઝાદીના ગીતો ગવરાવવામાં આવતા. કેટલીકવાર શ્રોતાઓ આ ગીતો ઝીલતા પણ ખરા. મોટા ભાગે આ ગીતો ભગતભાઇ જેમનું પુરૂ નામ ન્યાલભાઇ - ગવડાવતા. કેટલીકવાર પોપટભાઈ ઝુંપડીવાળા પણ વદે માતરમ નું ગીત કે બીજું કોઇ ગીત ગવરાવતા પોપટભાઇ યુવકોમાં સદાચાર અને રાષ્ટ્રીય ભાવના ખીલે તેમાટે ખૂબ કાર્ય કરતા હતા. વઢવાણ શહેરના મકાનોની દિવાલો ઉપર

**6** ભારત કા ડંકા આલમમેં બજવાયા વીર જવાનો,
સ્વાધીન બનો, સ્વાધીન બનો, શીખવાયા વીર જવાહરને... ભારતકા.

**7** સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે,
યા હોમ કરીને પડો ફતેહ છે આગે.

**8** નહીં નમશે, નહીં નમશે. નિશાન ભારત ભૂમિનું
ભારતની એ ધર્મ ધજાનું સાચવશું સન્માન... ભૂમિ ભારતનું.

**9** લડવા નિકળશે હિંદ બાળાઓ, અમારા સાથમાં,
પહેરાવશે ચુડીઓ પછી જાલીમ તમારા હાથમાં.
ફટકાવતા જે હાથથી, તે હાથને પહેરાવશે.
(માટે) શૂરા મિત્રો તૈયાર થજો, જેલો ખાલી પડે તો... શુરાઓ આવજો.

તેઓ સુંદર સૂત્રો લખતા હતા.

વઢવાણમાં ફુલચંદભાઈ, શિવાનંદજી અને તેમના સાથીદારોને કારણે ભારતના મોટા મોટા આગેવાનો આવતા અને સભા સંબોધતા હતા. એકવાર સરદાર વલ્લભભાઇ પટેલ આવ્યા હતા તેમનું સરઘસ અમારા ઘર પાસેથી જ નીકળવાનું હતું. તેથી અમે અમદાવાદથી તેમના માટે હાર મંગાવેલો. જોગાનુજોગ તે દિવસે ટ્રેન ખૂબ મોડી હતી. સરઘસ આવવાનો સમય થયો હતો, એટલે મેં કાગળના ફૂલો - જૂઇ અને ગુલાબના ફુલો પરોવેલો હાર તેમને પહેરાવેલો તે હજુય યાદ છે. રાત્રે મોતીચોકમાં તેમની આગ ઝરતી વાણી સાંભળવા મળી.

પરદેશી કાપડની દુકાનો પર પિકેટીંગ કરવાનું નકકી થયું એટલે ઘણી બહેનોએ પોતાના નામ નોંધાવ્યા, પિકેટીંગ કરતી વખતે બહેનો કેસરી રંગની સાડીઓ પહેરતી. દુકાનદારો બેસવા માટે લાકડાનું ખોખું કે એવું કાંઇક અમને આપતા તેના ઉપર અમે બેસતા અને તકલી કાંતતા. જયારે કોઇ ગ્રાહક પરદેશી કાપડ લેવા આવે ત્યારે તેને હાથ જોડીને તે કાપડ ન લેવા વિનંતી કરતા. આ કામમાં ઘણી બહેનો જોડાઇ હતી. અમને પણ કાંઇક કર્યાનો આનંદ થતો.

ખરું પૂછો તો એ વખતે ખરી લડત તો બ્રિટીશ હિન્દના શહેરોમાં ચાલતી હતી. દેશી રાજયોમાં તેના પ્રમાણમાં લડત ખાસ નહોતી જયારે ત્યાં તો પકડા પકડી થતી, લાઠીચાર્જ થતો, ઘોડા દોડાવતા, ઘાયલ સૈનિકોને પાણી પાવા જતી બહેનોને રોકવામાં આવતી. ઝાલાવાડમાંથી અને કાઠિયાવાડમાંથી અનેક સત્યાગ્રહી ટુકડીઓ

ધોલેરા, વિરમગામ, રાણપુર વગેરે સ્થળોએ સત્યાગ્રહ કરવા માટે જતી. વઢવાણ એ વખતે સત્યાગ્રહીઓનું મુખ્ય મથક હતું.

જેલમાંથી છૂટીને ઘેર આવતા સત્યાગ્રહીઓના માનમાં રાત્રે સભા ભરાતી. તેમાઃ તેઓ જેલ જીવનના અનુભવો કહેતા. સત્યાગ્રહની વાત કરતા વ્હેનોમાં જાગૃતિ આવે તે માટે એ જમાનમાં બ્લેનોની અલાયદી સભાઓ પણ ભરવામાં આવતી. મને યાદ છે કે ગવરીબેન નામના એક બહેન ખૂબ ઉત્સાહી હતા. તે અભણ કે ઓછું ભણેલી સ્ત્રી પણ સમજી શકે તેવી સાદી ભાષામાં ભાષણ કરતા. તે ખાદીજ પહેરતા. તેમના પતિ ઝરિયામાં નોકરી કરતા હતા. તે છોડીને વઢવાણ આવ્યા હતા. તેઓ બને ખૂબજ સાદાઈથી જીવન જીવતા હતા.

સભા સરઘસમાં ભાગ લેતાં લેતાં મેં પણ ધીરે ધીરે વ્હેનોની સભામાં બોલાવવાની શરૂઆત કરી. શરૂઆતમાં થોડો ક્ષોભ થયો હતો. પરંતુ મારા બાપુજી મને ઉત્સાહ પ્રેરતા, કેટલીક વાર કોઈ એક વિષય પસંદ કરીને મને બોલવાનું કહેતા. રંભાબેન ગાંધી (જાણીતા લેખીકા) જયારે પિયર - વઢવાણ આવતા ત્યારે અમારી સભામાં ભાષણ કરતા તે મને યાદ છે.

તે જમાનામાં બહેનો પણ સરઘસમાં જોડાતી. વઢવાણ ગામ જુનવાણી હતું. વ્હેનો પોતાના બાળકને કાખમાં લઈને આવતી, બજારમાં વહુવરૂઓએ લાજ કાઢવી પડતી, છતાં કંટાળો લાવ્યા વગર, કાખમાં બાળક, લાજ કાઢી હોય અને સરઘસમાં તેઓ ભાગ લેતી હતી. મુંબઈના ખ્યાતનામ ડોકટર ટી. ઓ. શાહના પુત્ર જમનાદાસ શાહના પત્ની લીલાબેન, તેમના નાના બાબાને તેડી, લાજ કાઢી અમારા સરઘસમાં ભાગ લેતા તે મને યાદ છે. ઓઘડ વેણાનું કુટુંબ એ વઢવાણનું પ્રતિષ્ઠિત વેપારી કુટુંબ. તેમનું આખું કુટુંબ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેતું હતું. તેમના કુટુંબના એક શાંતાબેન અમારી પ્રવૃત્તિમાં ખૂબ ભાગ લેતા હતા. ઉપરાંત ગીરધરભાઈ શાહના બેન જયાબેન પણ અમને સાથ આપતા હતા.



**જાહેર સભાઓમાં ગીરધરભાઈ શાહ, પ્રાણલાલ વોરા, સુખલાલ શેઠ અને ચુનિલાલ ચુડગર સરસ ભાષણ કરતા. મુ. તલકશીભાઈ માણેકચંદ દોશી અમને માર્ગદર્શન આપતા હતા. એ પોતે પણ સત્યાગ્રહ કરીને જેલ જઈ આવ્યા હતા.**

એકવાર લાલચંદજીની ધર્મશાળામાં અમે 'કેદી દિન' ઉજવ્યો હતો. સહુ સાથે કોઈ જાતના નાત-જાતના ભેદ વગર સવારે રોટલા-શાક અને સાંજે ખીચડી, શાક જમ્યા હતા. વઢવાણ જુનવાણી ગામ. આભડ છેટનું પ્રમાણ ઘણું. સ્ત્રીઓ ઘરની બહાર નીકળે અને જાહેર પ્રવૃત્તિમાં ભાગ લે તેનો લોકોમાં વિવાદ થતો. આ કાર્યક્રમમાં ભાગ લેનારાઓને ન્યાત બહાર મુકવાની કેટલાક ન્યાત આગેવાનોએ વિચારણ કરી હતી, પણ અમે તો તેની કોઈ ચિંતા કરતા નહોતા. દેશ માટે, આઝાદી માટે જે કોઈ ભોગ આપવો પડે તે આપવા તૈયાર હતા. તેથી ન્યાત બહાર મુકવાની વાત જૂનવાણી માનસ ધરાવતા આગેવાનોએ પડતી મૂકી.

એક વખત વઢવાણમાં રાજય તરફથી દારૂનો ઇજારો આપવાનો છે તેમ જાણવા મળતા, ગામમાં તેનો સખત વિરોધ થયો. ફુલચંદભાઇ અને તેમના સાથીદારો આવે વખતે પ્રજામાં જાગૃતિ લાવવાનું કામ કરતા હતા. તે દિવસોમાં દરરોજ રાત્રે મોતીચોકમાં દારૂના ઇજારા વિરુદ્ધ સભાઓ ભરાતી. એક વાર એવી સભામાં મને પણ બોલવાનું કહેવામાં આવ્યું. જાહેર સભામાં બોલવાનો મારો એ પહેલો પ્રસંગ હતો. મેં પણ નાનકડું ભાષણ કર્યું અને દારૂના ઇજારા સામે જો લડત આપવાની થશે, તો અમે બહેનો પણ લડતમાં જોડાઇશું અને દારૂની દુકાનો ઉપર પિકેટીંગ કરીશું. તેમ શ્રોતાઓને કહ્યું હતું.

૧૯૩૨ માં મારા લગ્ન થયા, તે જમાનામાં લગ્નની વિધિ પૂરા ત્રણ દિવસ ચાલતી. કન્યાને લગ્ન વખતે ઘુમટો કઢાવવામાં આવતો. પહેરામણી અને એવા બધા રિવાજ હતા. મારા લગ્ન ખૂબ સાદાઇથી થયા હતા. લાજ કાઢવાના રિવાજને મેં તિતાંજલી આપી હતી. માણસો અમારા તરફ સદ્ભાવ બતાવતા. કેટલીકવાર કોઇક અમને ગાંધીજી અને કોંગ્રેસ અંગે પૂછતા પણ ખરા. તો કોઇક એમ પણ કહેતા હતા કે 'આમ પિકેટીંગ કરશો, એટલે શું સ્વરાજ મળી જશે ?'




થોડા સમય પછી પિકેટીંગ અને સત્યાગ્રહ મોકુફ રહેતા હું મુંબઇની જે. જે. સ્કુલ ઓફ આર્ટમાં અભ્યાસ માટે દાખલ થઇ. ત્યાં ત્રણ વરસ અભ્યાસ કર્યો અને તે પછી આગળ અભ્યાસ માટે ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનમાં દાખલ થઇ. ત્યાં ચાર વરસના અભ્યાસકાળ દરમ્યાન અનેક વિદ્વાનોના પરિચયમાં આવવાનું બન્યું. અમારા આચાર્ય નંદલાલ બોઝ તથા વિનોદ બિહારી મુખર્જી વગેરે વિદ્વાનોના સંપર્કમાં આવવાનું બન્યું. પ્રા. ગુરૂદયાલ મલ્લિક જેમને અમે માત્ર મલ્લિકજી જ કહેતા તે અમારા બધાના માતા-પિતા સમાન હતા. ગુરૂદેવને અવાર-નવાર પગે લાગવા જવાનું ને તેમની સાથે વાત કરવાનું સદ્ભાગ્ય પણ મળ્યું. શાંતિ નિકેતનના નિવાસથી, ત્યાંના વિદ્વાનોના સંપર્કથી દુનિયા નવી જ રીતે જોવાની દ્રષ્ટિ પ્રાપ્ત થઇ. અત્યારે આ બધા જુનાં સ્મરણો યાદ કરૂં છું ત્યારે મને આ બધી તક મળી તે માટે મારી જાતને ભાગ્યશાળી ગણું છું. શ

**મૃદુલા ઠાકર**

# વઢવાણ નું રાજ્ય

વઢવાણ એ સૌરાષ્ટ્રનું એક પ્રાચીન શહેર છે. તે ભોગાવા નદીના કાંઠે આવેલું છે. પ્રાચીન સમયમાં તે અસ્થિગ્રામ કહેવાતું. એક અનુશ્રુતિ અનુસાર ત્યાં એક શૂલપાણિ નામનો માનવભક્ષી યક્ષ રહેતો હતો. જૈનોના ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામીએ તે યક્ષના ત્રાસમાંથી આ ગામનો ઉદ્ધાર કર્યો તેથી તે 'વર્ધમાનપુર' કહેવાયું. પછી તેનો અપભ્રંશ થઈ તેનું નામ વઢવાણ થયું છે. વઢવાણ વાળા, ચાવડા, સોલંકી, વાઘેલા અને પછી મુસ્લિમોના કબજા હેઠળ રહ્યું હતું. વઢવાણમાં ભોગાવા નદીના કાંઠે રાણકદેવી સતી થઈ હોવાની માન્યતા છે. વઢવાણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વ્યૂહાત્મક સ્થળે હોવાથી સુલતાન અહમદશાહના સમયથી ત્યાં એક મોટું લશ્કરી થાણું રાખવામાં આવ્યું હતું.



વઢવાણના ઝાલાવંશના રાજવીઓ એ હળવદના ઝાલા રાજવી ચંદ્રસિંહના પાટવીકુંવર પૃથ્વીરાજના વંશજો છે. પૃથ્વીરાજના મોટા પુત્ર સુલતાનજીએ 1605માં વાંકાનેર રાજ્યની અને બીજા પુત્ર રાજોજીએ વઢવાણના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. વઢવાણને હળવદના પાટવીકુંવરને જિવાઈમાં આપવાની પ્રથા હતી. તેથી રાજોજીના પિતા પૃથ્વીરાજ પાટવીકુંવર તરીકે વઢવાણમાં આવીને રહ્યા હતા. રાજોજી પછી સબળસિંહ શાસક બન્યો હતો. 1664માં શિવાજીએ સુરત લૂંટ્યું ત્યારે ગુજરાતના મુઘલ સૂબેદાર મહાબતખાને સબળસિંહને પોતાની સાથે લડવા લઈ જઈ તેને ગૌરવ અપાવ્યું હતું. 166 પછીથી તેના નાના ભાઈ ઉદયસિંહે તેનું ખૂન કરી સત્તા મેળવી હતી. ઉદયસિંહ પછી તેનો પુત્ર ભગતસિંહ ગાદીએ બેઠો. પરંતુ વઢવાણ રાજ્યના સ્થાપક રાજોજીના પૌત્ર માધવસિંહે રાજસ્થાનમાં બુંદી અને કોટા રાજ્યમાં માનવંતુ સ્થાન મેળવ્યું હતું. માધવસિંહના પૌત્ર જાલમસિંહે રાજસ્થાનમાં ઝાલાવાડ રાજ્ય સ્થાપ્યું હતું. માધવસિંહના ત્રણ પુત્રો અર્જુનસિંહ, અભયસિંહ અને માનસિંહે કોટાથી સેના લઈ વઢવાણ ઉપર ચડાઈ કરી ભગતસિંહને મારી નાખ્યો. અર્જુનસિંહે વઢવાણ રાખ્યું, અભયસિંહે ચૂડામાં રાજ્ય સ્થાપ્યું અને માનસિંહને ઝમર પરગણું મળ્યું. અર્જુનસિંહે વાંકાનેરના કેસરીસિંહને સત્તા અપાવવામાં મદદ કરી તેની પાસેથી નાગનેશ પરગણું મેળવ્યું હતું. 1739માં અભયસિંહનું મૃત્યુ થતાં એની હાડી રાણી દેવકુંવરબા સતી થઈ હતી. તેની દેરી રાણકદેવીની દેરી પાસે જ છે. તે 'હાડીમાતા' તરીકે ઓળખાય છે. વઢવાણ કે ચૂડા રાજવંશમાં લગ્ન થાય ત્યારે વર-કન્યા હાડીમાતાના સ્થાનકે પગે લાગવા જાય છે.



અર્જુનસિંહનો પુત્ર સબળસિંહ-

નાગનેશમાં રહેતો હતો. તેણે 1734માં રાણપુર ઉપર આક્રમણ કરેલું. તેથી દામાજી ગાયકવાડની સેના પકડીને તેને વડોદરા લઈ ગઈ હતી. અર્જુનસિંહના અવસાન સમયે તે વડોદરામાં જ હતો. તેથી વઢવાણના અગ્રણી નાગરિકોએ વડોદરા જઈ ભારે રકમનો દંડ ચૂકવી, ત્યાંથી મુક્ત કરાવી વઢવાણની ગાદીએ બેસાડ્યો હતો. તેના પછી ચાંદાભાઈ તરીકે ઓળખાતો તેનો પુત્ર ચંદ્રસિંહજી શાસક બન્યો હતો. તેના સમયની એક અનુશ્રુતિ છે કે વઢવાણ તાબા હેઠળ મેમકા ગામનો એક લોહાણા વેપારી ભાલ પ્રદેશનાહતો. તેના સમયની એક અનુશ્રુતિ છે કે વઢવાણ તાબા હેઠળ મેમકા ગામનો એક લોહાણા વેપારી ભાલ પ્રદેશના રોઝકા ગામમાં અનાજ વેચવા ગયેલો. ત્યારે ત્યાંના મૈપજી ગામના ગરાસિયાએ મજાકમાં પૂછ્યું કે 'એક ઝાલાની કિંમત કેટલી ?' ત્યારે તેણે જણાવેલું કે 'એક ઝાલા બરાબર એકસો ભાલિયા (ભાલ નિવાસી).' તેથી મેપજીએ તેને માર મારી તેનો માલ લૂંટી લીધો. તે વેપારીએ વઢવાણ આવી ફરિયાદ કરતાં રાજવી ચંદ્રસિંહજીએ રોઝકા તાબા હેઠળના મોરશિયા ગામ ઉપર બે હજાર સવાર સાથે ચડાઈ કરી તે ગામ લૂંટ્યું. મેપજીના જમાઈ લીંબડીના ઝાલા રાજવી હરભમજી હતા. તેથી હરભમજીએ ત્યારે લીંબડીમાં પડેલી મરાઠા સેના સાથે મોરશિયાની લૂંટ કરીને પાછા ફરતાં રસ્તામાં ચંદ્રસિંહજી ઉપર હલ્લો કર્યો. ચંદ્રસિંહજીના આરબ જમાદાર ગોરીભોએ વ્યૂહ ગોઠવી સામા પક્ષની તોપો કબજે કરી. પરંતુ તે તોપો ગાયકવાડની મરાઠા સેનાની છે તેમ જાણ્યા પછી તે તેમને પાછી સોંપી હતી. આમ ચંદ્રસિંહજીએ નાની સેના વડે લીંબડી અને ગાયકવાડની મોટી સેના સામે શક્તિ પ્રદર્શન કરી પોતાનું ગૌરવ વધાર્યું હતું.



ચંદ્રસિંહજી પછી પાઠાભાઈ કે પથાભાઈ તરીકે ઓળખાતા તેમના કુંવર પૃથિરાજ (1778-1807) શાસક બન્યા. તેમણે પણ પિતાની જેમ શત્રુઓને પરાજિત કરી પોતાના રાજ્યને વધુ સુરક્ષિત બનાવ્યું હતું. તેમની યુદ્ધનિપુણતા તથા કૌશલ્યને કારણે તેઓ પથાભાઈ જંગડો (યુદ્ધવીર) અથવા 'પથાભાઈ લડવૈયો' નામથી ઓળખાતા હતા.168 તેમના રાજ્યકાળમાં જ ઈ.સ. 1807માં પાછળ ધ્રાંગધ્રા રાજ્યની વિગતોમાં જણાવ્યા પ્રમાણે ધ્રાંગધ્રા અને વઢવાણ રાજ્ય વચ્ચે 'બકરીની લડાઈ' થઈ હતી. તેમના મૃત્યુ પછી તેમનો બાળ યુવરાજ જાલમસિંહ શાસક બન્યો હતો. રાજવી બાળવયનો હોવાથી રાજ્યવહીવટ તેમની વાઘેલી માતા રાજબા ચલાવતાં હતાં. તેમના સમયમાં વોકર કરાર થયા હતા. રાજબાએ રાજ્યને આબાદ કરવા ઘણા પ્રયત્ન કર્યા હતા.[169]



# સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિકસિત ગુજરાત માટેનું યોગદાન



- રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/ છાયા અને ગાંધીધામ એમ કુલ ૦૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. જેમાં સુરેન્દ્રનગરનો પણ સમાવેશ થાય છે.

- સુરેન્દ્રનગર/ દૂધરેજ/ વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બની છે.

- સુરેન્દ્રનગર પાલિકા મહાનગરપાલિકામાં રૂપાંતરિત થવાથી ત્વરિત, કાર્યક્ષમ અને પારદર્શી પ્રક્રિયા સાથે વહીવટ વધુ સુદ્રઢ થશે. આ ઉપરાંત રોડ—રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આરોગ્યલક્ષી સેવાઓ, શિક્ષણ, સ્ટ્રીટલાઈટ, બાગ બગીચા, કોમ્યુનીટી હોલ તથા ટ્રાન્સપોર્ટેશન વગેરે જેવી પાયાની સુવિધાઓ સુનિયોજિત રીતે મળતી થશે.

## સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના લોગોનું અનાવરણ

- કલેક્ટર કચેરી સભાખંડ ખાતે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, ધ્રાંગધ્રા ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરા, જિલ્લા કલેક્ટર શ્રી રાજેન્દ્રકુમાર પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી નવનાથ ગવ્હાણે સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

- આ લોગોમાં સુરેન્દ્રનગર શહેરની ઓળખ સમી તમામ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. લોગોમાં અજરામર ટાવર, વઢવાણનો હવામહેલ, મહાવીર સ્વામીના પગલાં, વડવાળા મંદિરના વડનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત આ લોગો બનાવવા માટે શહેરના લોકો પાસેથી ડિઝાઈન્સ પણ મંગાવવામાં આવી હતી.

SURENDRANAGAR MUNICIPAL CORPORATION
॥ यशो भूषणं सर्वदा वर्धमानम् ॥
સુરેન્દ્રનગર મહાનગરપાલિકા




## બજેટ થીમ

- સ્વચ્છ અને સુંદર સુરેન્દ્રનગર
- લીવેબલ અને હેરીટેઝ સિટી
- વિકસિત સરેન્દ્રનગર. ૨૦૪૭

## સ્વચ્છ અને સુંદર સુરેન્દ્રનગર માટેનું આયોજન

- ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ
- જાહેર અને વાણિજ્યિક મિલકતોની નિયમિત સફાઈ
- ગટર વ્યવસ્થાપન, ઘન અને પ્રવાહી કચરાનું ૧૦૦%
- વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થાપન
- "મારો કચરો મારી જવાબદારી" સ્લોગન થકી લોકજાગૃતિ અને બિહેવ્યર ચેન્જ
- વૃક્ષારોપણ અને ગાર્ડનીંગ
- જાહેર જળાશયોનું સુશોભીકરણ

## અસરકારક વહીવટતંત્ર અને સુશાસન

- મહાનગરપાલિકાને બે ઝોનમાં વિભાજન - ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન
- સંસ્થામાં ૨૦ વિભાગો, ૪૦ શાખાઓ કાર્યરત
- મહેકમમાં વધારો, ઝોનવાઈઝ વોર્ડ ઓફિસની રચના
- સેવાઓનું ડીઝીટીલાઈઝેશન
- જનસેવા કેન્દ્રનું ૧૦૦% ડીઝીટીલાઈઝેશન
- GIS બેઝડ ટેક્ષ એસેસમેન્ટ
- સ્કાડા બેઝડ પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજનાનું મેનેજમેન્ટ
- ઈમરજન્સી સેવાઓ, હોસ્પિટલો, મૌક્ષધામ, ફાયરસેવાઓનું આધુનિકીકરણ
- મનોરંજન માટેના સ્થળોનું ડેવલપમેન્ટ
- હવામહેલ ફેસ્ટીવલ, વડવાળા મંદિરની જગ્યામાં જન્માષ્ટમી મેળાનું આયોજન
- ભગવાન મહાવીર જન્મ કલ્યાણ દિવસની ઉજવણી
- ઝાલાવાડ હેરીટેઝ મ્યુઝિયમ અને સંસ્થા વિકસાવવાનું આયોજન ઐતિહાસિક, ધાર્મિક, આધ્યાત્મિક, વીરોની ભૂમિ અને ઝાલાવાડનું હૃદય

## સ્માર્ટ સીટી લાઈટીંગ

- ટ્રાફિક સિગ્નલ મેનેજમેન્ટ
- ઈ-સસરકારના માધ્યમથી પેપરલેસ મેનેજમેન્ટ
- ઈન્ટ્રીગ્રેટેડ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર દ્વારા મોનીટરીંગ

## કરવેરા નીતિ

- આગામી વર્ષ માટે જુના કરવેરાના દર યથાવત
- નવા સમાવિષ્ટ ગામોમાં પંચાયતે નિયત કરેલ કરવેરાના દર યથાવત
- એડવાન્સ ટેક્ષ ભરનાર કરદાતા માટે રીબેટ સ્કીમ

## લીવેબલ અને ડેરીટેઝ સીટી

- લાયબ્રેરીઓ, ટાઉનહોલ અને બગીચાઓના આધુનિકરણને પ્રાધાન્ય

## સૂચિત બજેટ

- સંકલિત આયોજન થકી કાર્યક્ષમ અને પારદર્શી વહિવટ સાથેના આગામી વર્ષના રૂ. ૪૩,૩૦ કરોડની રેવન્યુ પુરાંત કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી અંદાજીત રૂા. ૫૧૯.૯૫ કરોડના વિકાસ કાર્યો સાથેનું સને ૨૦૨૫-૨૬નું રૂા. ૭૫૧.૫૮ કરોડનું અંદાજપત્ર.

## વોટર પ્રોજેક્ટ

- પાણીની જરૂરીયાતોને ધ્યાને લઈને પાણી પુરવઠાના કામો માટે કુલ રૂા. ૮૫/- કરોડની જોગવાઈ
- વોટર વર્કસ અને પમ્પીંગ સ્ટેશનો માટે સોલાર પેનલ
- રેઈન વોટર હાર્વેસ્ટીંગ

## ડ્રેનેજ પ્રોજેક્ટ

- ડ્રેનેજ બેકીંગની સમસ્યા દૂર કરવા માટે ડ્રેનેજના કામો માટે કુલ રૂ. ૮૦/- કરોડ
- હયાત સુએજ તથા સ્ટોર્મ વોટર નેટવર્કને અપગ્રેડ




## રોડ પ્રોજેક્ટ માટે કલ રૂા ૧૪૩ ૫૦ કરોડ

- વિકસિત વિસ્તારો અને મુખ્ય રસ્તાઓનુ નવીનીકરણ : ૪૬/- કરોડ
- નવા સમાવિષ્ટ ગામોના રસ્તાઓનું શહેરના મુખ્ય રસ્તા સાથે જોડાણ : ૪૧/- કરોડ
- શહેરની આગવી ઓળખ માટે આઈકોનિક રોડ : ૨૫/-કરોડ
- રીવરફ્રન્ટની કામગીરી માટે રૂ. ૪૦/- કરોડ
- રોડ રીસરફેસની કામગીરી માટે રૂ. ૨૫/- કરોડ
- અર્બન ટ્રાન્સ્પોર્ટ માટે રૂ. ૪/- કરોડ (નવી ૨(બે) બસનો સમાવેશ)
- સર્કલ ડેવલપમેન્ટ માટે રૂ. ૨/- કરોડ
- પાર્કિંગ પોલીસી માટે રૂ. ૧.૫૦ કરોડ

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને સેનીટેશન માટે કુલ રૂા. ૫૮.૨૦ કરોડ

- ડોર-ટુ-ડોર ઘન કચરાનું એકત્રીકરણ
- ભુગર્ભ ગટર સફાઈ/મેન્ટેનન્સ તેમજ સેપ્ટીક ટેન્ક સફાઇ
- રખડતા ઢોરોનું નિયંત્રણ માટે ઢોરવાડા

## આરોગ્યલક્ષી સેવાઓ માટે કુલ રૂા. ૫/- કરોડ

- શહેરી મેલેરીયા માટે પાંચ નવા ફોગીંગ મશીન
- આધુનિક સેવાઓ ઓછા દરે મળી રહે તે માટે વ્યવસ્થિત આયોજન
- રોગ નિદાન માટેની લેબોરેટરી, હેલ્થ ફુડ ટેસ્ટ લેબોરેટરી
- અવેરનેસ કેમ્પ, હેલ્થ લાયસન્સ કેમ્પ, કોમ્યુનિટી વન ડે ડીલીવરી કેમ્પનું આયોજન

## ફાયર અને ઈમરજન્સી સેવાઓ માટે કલ રૂ. ૫/- કરોડ

- આગ, અકસ્માતના બનાવોમાં ફાયર એમ્બ્યુલન્સ દ્વારા ઈમરજન્સી સર્વિસ
- મોડેલ ફાયર સ્ટેશન

## જાહેર મકાનો માટે કુલ રૂા. ૧૨/- કરોડ

- બે સીટી સિવિક સેન્ટર
- બે ટાઉનહોલના નવીનીકરણ
- ત્રણ કોમ્યુનિટી હોલનું નવીનીકરણ
- ચાર લાયબ્રેરીનું અપગ્રેડેશન
- યોગા સેન્ટર
- આંગણવાડીઓના રીનોવેશન
- સ્પોર્ટસ કોમ્પલેક્ષ

## જાહેર સ્થળો માટે કુલ રૂ. ૪૦.૫ કરોડ

- બોડા તળાવ અને અન્ય તળાવોનું ડેવલપમેન્ટ
- જળાશયોનું સુશોભીકરણ
- જાહેર બગીચાઓનું નવીનીકરણ
- વેજીટેબલ માર્કેટનું નવીનીકરણ
- ફૂડ કોર્ટ
- ભક્તિનંદન સર્કલ પાસે શોપીંગ મોલ
- કડીયાનાકા
- વેન્ડર ઝોન
- મિયાવાકી અને અર્બન ફોરેસ્ટ

## હેરીટેઝ સીટી માટે કુલ રૂ. ૨/- કરોડ

- ઐતિહાસિક ધરોહરની જાળવણી
- હેરીટેજ આધારિત પેઈન્ટીંગ. ફોટોગ્રાફીની સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમ, શેરી નાટકો
- હવા મહેલ તથા વઢવાણના જુદા જુદા ગેટ પર લાઈટીંગ

## યોજનાકીય કામોની ગ્રાન્ટ માટે કુલ રૂ. ૧૩૫.30 કરોડ

- આઉટગ્રોથ વિસ્તાર
- ધોળીધજા પાસે ફલાયઓવર
- સંસદસભ્યશ્રી અને ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો
- ૧૫મું નાણાપંચના કામો

- અમૃત યોજનાના કામો
- જનભાગીદારી યોજનાના કામો (૭૦ સરકાર :૨૦ સંસ્થા :૧૦ લોકો)
- જીયુડીસી હસ્તકના કામો
- URBAN REJUVENATION મિશનની ગ્રાન્ટ
- સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટથી:-
- સેવાઓના ડીઝીટીલાઈઝેશન થકી નગરજનોને આપવામાં આવતી સેવાઓનું સરળીકરણ
- શહેરની આગવી ઓળખ
- માળખાગત સુવિધામાં વધારો
- તમામ વર્ગના લોકોના હિતોની જાળવણી
- લીવેબલ સીટી
- પ્લાસ્ટીકમુક્ત સુરેન્દ્રનગર

## વિકસિત ભારત ૨૦૪૭માં યોગદાન મૂળભૂત માળખાગત સેવા અને સુવિધાઓ

### વોટર પ્રોજેક્ટ

- સુરેન્દ્રનગર શહેરનો હાલનો વિસ્તાર આશરે ૧૨૫.૨૮ ચો.કિ.મી તથા વસ્તી વર્ષ: ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૨.૫૩ લાખ જેટલી અને હાલમાં અંદાજીત ૪.30-લાખ જેટલી છે. સંસ્થાની ફરજિયાત સેવાના ભાગરૂપે નગરજનોને પાણી પુરુ પાડવામાં આવે છે. શહેરમાં હાલમાં_ ૪૨.૭ એમ.એલ.ડી સોર્સની ક્ષમતા સામે ૩૧ એમ.એલ. ડી સોર્સ ની ક્ષમતા સામે ૩૧ એમ.એલ.ડી નો હાલમાં વપરાશ છે.
- વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં વોટર પ્રોજકટ માટે મહાનગરપાલિકા તથા તેમાં નવા સમાવિષ્ટ ગામો તથા તેના આજુબાજુના વિસ્તારમાં પાણી પુરવઠાના કામો માટે કુલ રૂ. ૭૭/- કરોડના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

### સોલાર પેનલ

મહાનગરપાલિકામાં આવેલ વોટર વર્કસ અને પમ્પીંગ સ્ટેશનો, સંસ્થાની તમામ મિલકતોના વીજબીલમાં રાહત માટે સોલાર પેનલ લગાવવામાં આવશે. જે માટે વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ રૂ. ૫/- કરોડના બજેટની ફાળવણી કરવામાં આવી છે.

### રેઈન વોટર હાર્વેસ્ટીંગ

- શહેરી વિસ્તારમાં વરસાદી પાણીના સંગ્રહ માટે બોર, કુવા બનાવવાનું આયોજન છે. તેમજ તળાવમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય તેવું આયોજન છે. જે માટે વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ રૂ. ૩/-કરોડની બજેટની ફાળવણી કરવામાં આવી છે.




### ડ્રેનેજ પ્રોજેક્ટ

- સુરેન્દ્રનગર શહેરમાં સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઈનો વર્ષોથી હયાત છે. તેમાં સમયાંતરે શહેરની જરૂરીયાત મુજબ સુધારો વધારો થતો રહે છે. હાલમાં શહેરની ૧૧૨૪૭૫ મિલકતોની સામે ૧૦૮૯૭૫ મિલકતોમાં સુએજ કનેકશન ઉપલબ્ધ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં શહેરમાં નવાં વિકસતા વિસ્તારોમાં થઈ રહેલા ખુબ જ મોટા પ્રમાણમાં બાંધકામને કારણે ડ્રેનેજ નેટવર્કમાં નોંધપાત્ર વધારો થયેલો છે.
- વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટમાં મહાનગરપાલિકા તથા તેમાં સમાવિષ્ટ ગામો તથા તેના આજુબાજુના વિસ્તારમાં ડેનેજ અને સ્ટોમ વોટરના કામો માટે રૂ. ૮૦/- કરોડના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

### રોડ પ્રોજેક્ટ

- શહેરની અલગ ઓળખ ઉભી થાય તે માટે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં સંસ્થાના વિકસિત વિસ્તારો ટી.પી.-૧ અને ટી.પી.-૨, માં સમાવિષ્ટ થતાં મુખ્ય રસ્તાઓનુ નવીનીકરણની કામગીરી, શહેરના વિસ્તારમાં આવેલ રસ્તાઓ ઉપર ટ્રાફીક સર્કલ ડીવાઈડર સ્ટ્રીટ લાઈટ ફુટપાથ વિગેરે બ્યુટીફીકેશનની કામગીરી, મહાનગરપાલિકામાં સમાવેશ થયેલા મુળચંદ, ચમારજ, ખમીસાણા, ખેરાળી તથા માળોદ ગામોને જોડતા મુખ્ય રસ્તાઓને શહેર સાથે જોડવા માટે રૂ. ૧૧૧/- કરોડના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.



## આઈકોનિક રોડ

- અલ્કાપુરી થી ઉપાસના રોડ તરફ (૭૦ ફુટનો રોડ), નવા ૮૦ ફુટ રોડ, રતનપર પોલીસ સ્ટેશનથી અંડર પાસ સુધી, રતનપર માળોદ ચોકડીથી બાપા સીતારામની મઢુલી સુધી, વઢવાણ ધોળી પોળથી પંજાબ નેશનલ બેન્કની સુધી (ગઢની દિવાલ પાસે), મેઘાણી બાગ રોડને આઈકોનિક રોડ બનાવવા માટે રૂ. ૨૫/- કરોડના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

## સર્કલ ડેવલપમેન્ટ

- શહેરના જુદા-જુદા વિસ્તારમાં મુખ્ય રસ્તાઓ ઉપર આવેલ સર્કલના અપગ્રેડેશન કરવા તથા ટ્રાફિકની સમસ્યા રહેતી હોય તેવા વિસ્તારમાં નવા સકલ બનાવવામાં આવશે. જે માટે વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ રૂ. ૨/- કરોડના બજેટની ફાળવણી કરવામાં આવી છે.

## પાર્કિંગ પોલીસી

- શહેરની ટ્રાફિક સમસ્યાને ધ્યાને લઈ સુરેન્દ્રનગર શહેરનો "સીટી ટ્રાફિક માસ્ટર પ્લાન" તૈયાર કરવામાં આવશે.
  શહેરમાં ટ્રાફિક, પાર્કિંગ અને વેન્ડીંગ રેગ્યુલેશનમાં એકસૂત્રતા જળવાય તેવુ આયોજન કરવામાં આવશે. જે માટે પાર્કિંગ પોલિસીની બનાવવા માટે બજેટમાં કુલ રૂ.૧.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## અર્બન ટ્રાન્સપોર્ટ

- સંસ્થા દ્વારા શાળા-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, સીનીયર સીટીજનો, દિવ્યાંગ વ્યક્તિઓને કન્સેશન દરે જયારે સ્વાતંત્ર્ય સૈનાનીઓ, વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો, પ્રજ્ઞાચક્ષુઓ તથા ૭૫ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરીકો વિગેરેને મુસાફરીના પાસની સુવિધા પુરી પાડવાનું આયોજન કરવામાં આવશે. તેમજ નવા બસ પોઈન્ટ અને વર્કશોપ બનાવવામાં આવશે. હાલમાં ૮ બસ કાર્યરત છે. જેમાં નવી ૨ બસ ઉમેરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અર્બન ટ્રાન્સપોર્ટ માટે બજેટમાં કુલ રૂ. ૪.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને સેનીટેશન વિભાગ

- શહેરના હદ વિસ્તારમાં થતા કચરાના ઢગલા ટ્રેકટરથી અને ડોર-ટુ-ડોર ઘન કચરા કલેકશન કરવા સંસ્થાના અને આઉટસોર્સિંગ એજન્સીના વાહનો દ્વારા રહેણાંક તેમજ કોમર્શીયલ વિસ્તારોમાંથી દૈનિક બે થી ત્રણ ટ્રીપ, દિવસ તેમજ રાત્રિ દરમ્યાન ઘન કચરા કલેકશન કરી ડમ્પ સાઈટ સુધી પહોંચાડવામાં આવે છે. રહેણાંક વિસ્તારમાં દૈનિક એક વખત તેમજ કોમર્શીયલ વિસ્તારોમાં બે વખત અને નવા સમાવેશ થયેલા ગામોમાં સફાઈ કામગીરી તેમજ અન્ય ખાસ દિવસોમાં પણ સામુહિક સફાઈનું આયોજન છે. જાહેર રસ્તાઓ પર રખડતાં બિનવારસી ગૌવંશને પકડવા માટે આઉટસોર્સિંગ એજન્સી દ્વારા જાહેર રસ્તાઓ પરથી ઢોર પકડી સંસ્થાના ઢોરવાડા ખાતે મુકવામાં આવશે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા સેનીટેશનની કામગીરી માટે કુલ રૂ. ૫૮.૨૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

## આરોગ્યલક્ષી સેવાઓ

- નગરજનોને આરોગ્યની સુખાકારી તમામ આધુનિક સેવાઓ ઓછા દરે મળી રહે તે મુજબનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવશે. વધુમાં શહેરી ગરીબો માટે ખાસ કરીને સ્લમ ચાલી જેવા વિસ્તારોમાં ઘરઆંગણે તબીબી સારવારની વ્યવસ્થા, વિવિધ રોગો સામે રક્ષણ માટે અવેરનેસ, લોક શિક્ષણ, હેલ્થ

ચેકઅપ તથા ધંધાકીય એકમો માટે હેલ્થ લાયસન્સ કેમ્પ, કોમ્યુનિટી વન ડે ડીલીવરી કેમ્પ વિગેરેનું અસરકારક આયોજન કરવાની વ્યવસ્થા કરવાનું આયોજન છે. જેમાં રોગ નિદાન માટેની લેબોરેટરી, હેલ્થ ફુડ ટેસ્ટ લેબોરેટરી બનાવવાનું આયોજન છે. તેમજ શહેરી મેલેરિયા અટકાવવામાં માટે ફોગીંગ મશીન ખરીદવાનું તેમજ ૫ અર્બન હેલ્થ સેન્ટર માટેની બિલ્ડીંગ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્યલક્ષી સેવાઓ માટે રૂ. ૫/- કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી છે.

## ફાયર અને ઈમરજન્સી સેવાઓ

- શહેરના વિસ્તારોમાં આગ, અકસ્માતના બનાવોના સંજોગોમાં એમ્બ્યુલન્સ, ફાયર એમ્બ્યુલન્સ દ્વારા ઈમરજન્સી સર્વિસ પૂરી પાડવાનું આગોતરૂ આયોજન કરવામાં આવશે. જે માટે મોડેલ ફાયર સ્ટેશન બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેના માટે બજેટમાં રૂ. ૫.૩૦/- કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## જાહેર મકાનો અને જાહેર સ્થળો

- નગરજનોને પુરી પાડવામાં આવતી નાગરીક સેવાઓ સરળતાથી અને ઝડપથી મળી રહે તે માટે ઉત્તર અને દક્ષિણ ઝોન માટે નવા બે સીટી સિવિક સેન્ટર બનાવવામાં આવશે. તેમજ દરેક ઝોનમાં ત્રણ વોર્ડ—ઓફિસની રચના કરવામાં આવશે. જે માટે રૂ. ૨/- કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## કોમ્યુનિટી હોલ

- શહેરમાં કુલ ૩ કોમ્યુનિટી હોલ આવેલા છે. જેમાં કૃષ્ણનગર કોમ્યુનિટી હોલ, રતનપર કોમ્યુનિટી હોલ અને જોરાવરનગર કોમ્યુનિટી હોલનો સમાવેશ થાય છે. આ તમામ કોમ્યુનિટી હોલના નવિનીકરણ, અપગ્રેડેશન કરવામાં આવશે. જે માટે રૂ. ૨/- કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ટાઉનહોલ

- નગરજનો માટે, સરકારી કાર્યક્રમની ઉજણવણી, શાળાઓના સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઉત્સવોની ઉજવણી માટે ટાઉનહોલની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. સુરેન્દ્રનગર શહેરમાં કુલ ૨ ટાઉન હોલ આવેલા છે. જેમાં શ્રીમતી રંભાબેન ટાઉનહોલ અને શ્રી પંડિત દીનદયાળ ટાઉનહોલનો સમાવેશ થાય છે. આ બંને હોલના નવીનીકરણ, અપગ્રેડેશન કરવા માટે રૂ. ૯/- કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## ફુડ કોર્ટ

- નગરજનો અને શહેરમાં આવતા મુલાકાતીઓને શહેરની પ્રખ્યાત વાનગીઓનો સ્વાદ એક જ સ્થળે માણી શકે એ હેતુથી ફુડ કોર્ટ વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ફુડ કોર્ટમાં વૃક્ષારોપણ તથા જુદા-જુદા પ્રકારના બેસવા માટે આકર્ષક બાંકડાઓ ઉપરાંત અન્ય સ્ટેપવાઈઝ સીટીંગ વ્યવસ્થા રાખવામાં આવશે. ચિલ્ડ્રન પ્લે એરીયા, પાર્કીંગ વ્યવસ્થા તથા આકર્ષક ફ્લોરીંગનું પણ આયોજન આવશે. જેના માટે રૂ. ૧/- કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી છે.

## વેજીટેબલ માર્કેટ

- શહેરમાં ઝોન દીઠ ૦૩ વેજીટેબલ માર્કેટ ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવશે. જેમાં શાકમાર્કેટ માટે સુઆયોજીત પ્લાનીંગ અને પાર્કિંગની વ્યવસ્થાનું પણ આયોજન હાથ ધરવામાં આવશે. વેજીટેબલ માર્કેટ માટે રૂ. ૨/- કરોડની બજેટની ફાળવણી કરવામાં આવી છે.

## બગીચા ડેવલપમેન્ટ

- શહેરમાં આવેલ જાહેર બગીચાઓનું નવીનીકરણ, ગાર્ડન લેન્ડસ્કેપીંગ તેમજ ટી.પી.ની સ્કીમમાં આવેલ બગીચાના પ્લોટોને ડેવલપ કરવાનું આયોજન છે. જે માટે કુલ રૂ. ૧૦/-કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ

- સુરેન્દ્રનગર મેળાના મેદાનમાં રમતગમતની પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાનું આયોજન છે. જે માટે કુલ રૂ. ૧૦/- કરોડની ફાળવણી કરવામાં આવી છે.





બનાવવાનું આયોજન છે. જે માટે રૂ. ૫/- કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## કડીયાનાકા

- શહેરી વિસ્તારમાં બાંધકામને લગતી છુટક મજુરી કરતા શ્રમજીવીઓને રોજગારી સરળતાથી શકે તે માટે કડીયાનાકા બનાવવાનું આયોજન છે. જે માટે રૂ. ૫૦/- લાખના બજેટની ફાળવણી કરવામાં આવી છે.

## લાયબ્રેરી

- શહેરમાં કુલ ૫ લાયબ્રેરી આવેલી છે. જેમાં જવાહરલાલ નહેરુ લાયબેરી, લહેરચંદ કુંવરચંદ લાયબ્રેરી, વઢવાણ ખાંડીપોળ લાયબ્રેરી, વઢવાણ રેલ્વે સ્ટેશન લાયબ્રેરી અને વઢવાણ ઝોન ઓફિસમાં લાયબ્રેરીનો સમાવેશ થાય છે. આ તમામ લાયબ્રેરીના નવિનીકરણ, અપગ્રેડેશનના કામ તેમજ રીડીંગ રૂમ બનાવવામાં આવશે. જે માટે કુલ રૂ. ૧/- કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## હેરીટેજ સીટી

- સુરેન્દ્રનગર શહેરમાં આવેલી ઐતિહાસિક ધરોહર જેવી કે, રાણકદેવીનું મંદિર, હવા મહેલ, માધાવાવ, ગંગાવાવ, વઢવાણનો ગઢ વગેરે ધરોહરોનું જતન અને જાળવણી અને તેની આસપાસના વિસ્તારના પુન:રૂત્થાન માટે જુદા-જુદા કાર્યક્રમો અને હેરીટેજ આધારિત પેઈન્ટીંગ, ફોટોગ્રાફીની સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમ, શેરી નાટકો વિગેરેનું તેમજ કાયમી ધોરણે હવા મહેલ તથા વઢવાણના જુદા-જુદા ગેટ પર લાઈટીંગ કરવામાં કરવાનું આયોજન છે. જે માટે રૂ. ૨/- કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## ઝાલાવાડ મ્યુઝિમ

- ઝાલાવાડની ઐતિહાસક કથાઓ, ધરોહરથી લોકો માહિતગાર થાય તે હેતુથી 'ઝાલાવાડ ડેરીટેઝ મ્યુઝિયમ અને સંસ્થા "ની રચના કરવામાં આવશે. જે માટે કુલ રૂ. ૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## શોપીંગ મોલ

- નગરજનો માટે શહેરના ભક્તિનંદન સર્કલ પાસે શોપીંગ મોલ

## વેન્ડર ઝોન

- શહેરી વિસ્તારમાં હાલ મુખ્ય રસ્તાઓ ઉપર ટ્રાફિકને અડચણરૂપ થતી લારીઓ, ફેરીયા માટે વેન્ડર ઝોન બનાવવામાં આવશે. જે માટે રૂ. ૫૦/- લાખની ફાળવણી કરવામાં આવી છે.

## મિયાવાકી અને અર્બન ફોરેસ્ટ

- શહેરની ટી.પી. સ્કીમના ખુલ્લા પ્લોટો અને સાર્વજનિક જગ્યાઓમાં મિયાવકી પદ્ધતિથી ફોરેસ્ટ અને અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવશે. જે માટે રૂ. ૫૦/- લાખની ફાળવણી કરવામાં આવી છે.

## આંગણવાડી

- મહાનગરપાલિકા વિસ્તારમાં નાના બાળકો માટે નવી ૫ આંગણવાડી બનાવવામાં આવશે. જેના માટે કુલ રૂ. ૫૦/-લાખની ફાળવણી કરવામાં આવી છે.

## જાહેર શૌચાલય

- મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા જાહેર શૌચાલયોનું નવીનીકરણ કરવામાં આવશે. જેના માટે રૂ. ૧/- કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## યોગા સેન્ટર

- શહેરમાં આવેલા ટાગોરબાગમાં નગરજનોનું સ્વાસ્થ્ય આરોગ્યપ્રદ રહે તે માટે યોગા સેન્ટર બનાવવાનું આયોજન છે. જે માટે રૂ. ૫૦/- લાખની ફાળવણી કરવામાં આવી છે.

# દિવાળી કાર્નિવલ: ચિત્ર દર્શન





















# પ. પૂ. સરદાર વલ્લભભાઈનો પત્ર

**સ્વરાજ્ય આશ્રમ**
**બારડોલી**
**તા. ૫-૧૧-૧૯૨૯**

ગઈ કાલે રાત્રેજ હું દિલ્હીથી આવ્યો. એકદમ દિલ્હી જવાનું થયું. બાપુને પણ મળ્યો. વઢવાણની વાત થઈ. ભાષણ * મળ્યું એમાં સુધારા ઠીક ઠીક કરવાના તો છે જ પણ અત્યારે એ છપાવી વહેંચવામાં સાર નથી.

મને વઢવાણની કમિટિ વિષે ડર તો હતો જ અને તેથી મેં મણીલાલને વાત કરી મુકી હતી. પણ આખરે હું ધારતો હતો એજ થયું. તમે પરિષદ ભરો છો એ જાણ્યું પરંતુ સ્ટેટની સાથેનો તમારા સંબંધ બગડયો એ ઠીક ન થયું.

આપણે દેશી રાજ્યમાં ઝઘડા કરી કંઈ મેળવી શકવાના નથી. ઠાકોર ભલો માણસ છે. અને જો મહાજન ઠીક એકત્ર રહે તે ભારે કામ થયા વિના ન રહે.

પણ આપણા માણસોજ નાલાયક છે. કમિટિનું કામ બગડ્યું એ પણ આપણા માણસો ફૂટયા તેથી. હજી પણ મારી સલાહ તો એ છે કે ઠાકોર સાથે મળી જવું.

એ મુશ્કેલ નથી. મણીભાઈ હાલ ક્યાં છે ? અને શું કરે છે? તેની મને ખબર આપશો.

મારાથી પરિષદ વખતે હાજરી આપી શકાશે કે કેમ એ વિષે શંકા છે. પ્રયત્ન કરીશ.

**સેવક**
**વલ્લભભાઈના વંદન**



# ઘરશાળા ગુજરાતનો ઐતિહાસિક વારસો

**પૂજ્ય મણીબેન પટેલ સરદાર વલ્લભભાઈ પટેલ ના દીકરી ઘરશાળા ના અતિથિ હતા ઘરશાળા એ દેશ ના અનેક માનનીય અને રાષ્ટ્રીય પુરુષો ના આતિથ્ય થી ગૌરવંત બનેલી છે.**





## વિક્રમ સંવત 2082નું

# રાશિવાર ભવિષ્યકથન

તારીખ: 22- 10- 2025 (કારતક સુદ એક) થી
(9- 11 -2025 ) આસો વદ અમાસ



**રમેશ રાવલ**, મુંબઈ (બોરીવલી)
વૈદિક જ્યોતિષ ભૂષણ
(એસ્ટ્રોલોજી , વાસ્તુશાસ્ત્ર, ન્યુમેરોલોજી)
મો. ૯૭૬૮ ૧૪ ૩૫ ૨૧




# નૂતન વર્ષાભિનંદન

**જો તમે તમારું જન્મ લગ્ન જાણતા હોય તો તે રાશિ તમારી ચંદ્ર રાશિથી ફળા દેશ જુઓ જો તમારી ચંદ્ર રાશિ ખબર ના હોય તો નામ રાશિ પ્રમાણે જોવું**

# મેષ (અ,લ,ઈ)

**i** મેષ રાશિને ગુરુનું ભ્રમણ જોઈએ તો કર્ક રાશિમાં ભ્રમણ કરે છે ૫ -૧૨ - ૨૫ ના રોજ વક્રી થઈને મિથુન રાશિમાં આવે છે અને ૧ - ૬- ૨૬ પાછો કર્ક રાશિમાં જાય છે પછી માર્ગી થઈને ૩૧-૧૦-૨૬ ના રોજ સિંહ રાશિમાં પ્રવેશે છે ગુરુનો ઉપરોક્ત ભ્રમણ ચોથે ત્રીજે અને પછી પાંચમે થાય છે જે એકંદરે સારું છે જમીન મકાનના કાર્યોમાં સારું છે પોતાની મહેનત અને પ્રયત્નથી કાર્ય થશે.

**ii** વર્ષમાં શનિદેવ મીન રાશિમાં રહે છે મેષ રાશિના જાતકોને સાડા સાતી નો પહેલો તબક્કો લોખંડના પાયે માથાએ આવેલી થોડી કષ્ટ દાયક છે પનોતી ના ઉપાયમાં હનુમાનજીની ઉપાસના શનિવારનું વ્રત રાખવાથી રાહત થશે.

**iii** રાહુ મહારાજ દરમિયાન કુંભ રાશિમાં રહે છે જે ઉત્તમ ફળ આપશે અધૂરા કાર્ય પુરા કરાવશે મિત્રો ઓળખાણથી લાભ થશે.

**iv** **શારીરિક માનસિક સુખાકારી :**

આપણી રાશિનો માલિક લગ્નેશ મંગળ મેષ થી શરૂ કરીને કર્ક રાશિમાં વક્રી અને માર્ગી ગતિથી ફરે છે એ પહેલા ૨૨-૧૦ -૨૫ થી ૮-૧૨-૧૨ વૃશ્ચિકમાં પછી ધન રાશિમાં જાય છે શારીરિક કષ્ટ રહે યોગ્ય નિદાન અને દવા લેવી જરૂરી છે પછી ધન મકર કુંભમાં ખાસ કરીને મીન ના મંગળમાં ૧૯-૩-૨૬ થી ૧૧-૫-૨૬ પોતાના માટે ખરાબ છે.

**v** **આર્થિક સ્થિતિ:**

વર્ષ દરમિયાન એકંદરે આર્થિક સ્થિતિ સારી રહેશે પૈસા ના કારણે કોઈ કાર્ય અટકશે નહીં છતાં આપના ધનેશ શુક્રને માટે મહાલક્ષ્મી વ્રત ઉપાસના થી વધારે ફાયદો થશે.

**vi** **નોકરી વ્યવસાય વેપાર**

નોકરી કરનારા માટે સારા પ્રમોશનના યોગ છે પણ નોકરીમાં કાવા દાવા અને હિન્ન શત્રુ ઓ થી સાચવશો અને પરિશ્રમ કરશો અને બતાવશો તો લાભ થશે વ્યવસાય અને વ્યાપાર માટે હરીફ વર્ગ ચિંતા કરાવશે છતાં સાચી નીતિથી ચાલી ઓછા નફે વધુ વ્યાપારની નીતિ કારગન નીવડે છે.

**vii** **જમીન મકાન સંપત્તિ:**

નવું વાહન અને મકાન ખરીદવા માટે આ વર્ષ સારું છે ગુરુનું સારું ભ્રમણ લાભ કરાવશે

**viii** **લગ્ન જીવન દાંપત્ય:**

પતિ પત્નીએ પોતાના અને જીવનસાથી માટે આરોગ્યમાં ધ્યાન રાખવું પડે રાહુ અને શનિદેવનું ભ્રમણ આકસ્મિક તકલીફ લાવી શકે છતાં લગ્નજીવન સારું રહી શકે.

**ix** **શત્રુ કોર્ટ કચેરી:**

તમારા હરીફો વધી જશે છતાં હરીફ વર્ગ થી તમને ફાયદો થશે કોર્ટમાં જુના કેસો હશે તો તેનો નિકાલ થશે. સમજાવટ અપનાવાથી આમાં તમારો વિજય થશે.

**x** પ્રવાસ પરદેશ ની મુસાફરી ના યોગ છે નોકરિયાત અને પોતાની કંપની સંસ્થા તરફથી જવાના યોગ છે પ્રવાસ કરવાથી પ્રગતિ થશે.

**xi** **સંતાન વિદ્યાભ્યાસ:**

નવદંપતી માટે સપ્ટેમ્બર 26 પછી સંતાનના યોગ થાય છે બીજાઓ માટે સંતાનો પ્રગતિ કરશે તમે અભ્યાસ અધૂરો છોડ્યો હોય તો આ વર્ષમાં બીજી લાઇન લઈને અભ્યાસ કરી શકો.

# વૃષભ (બ, વ, ઉ)

**i** વૃષભ રાશિ માટે ગુરુ મિથુન કર્ક અને સીમા વર્ષ દરમિયાન રહેશે એટલે ચંદ્રથી બીજે ત્રીજે અને ચોથી ગુરુનું ભ્રમણ પ્રવાસ માટે નવી આવક માટે એકંદરે સારું રહેશે.

**ii** વૃષભ રાશિ માટે શનિદેવનું ભ્રમણ તેમની રાશિ માટે 11મે થાય છે જે લાભકારક છે આ વર્ષ તમારે કોઈપણ જાતની પનોતી ચાલતી નથી

**iii** વૃષભ રાશિ માટે રાહુલદેવનું ભ્રમણ તેમની રાશિથી 10 મે થાય છે જે એકંદરે કાર્યમાં રૂકાવટ લાવીને સફળતા આપનાર રહેશે.

**iv** **શારીરિક માનસિક સુખાકારી:**

મંગળના ભ્રમણના લીધે તમારે પહેલેથી બી .પી કે કોલેસ્ટ્રોલ નો પ્રોબ્લેમ હોય તો સાવચેત થવું પડે ખાસ કરીને જૂનથી નવેમ્બર દરમિયાન બાકી વૃષભ રાશી પર શનીની ત્રીજી દ્રષ્ટિ શરીરમાં જાતજાતના દુખાવા આપે ખોરાકમાં ફેરફાર કરવો જરૂરી છે.

**v** **લગ્ન જીવન સુખાકારી:**

સપ્ટેમ્બર થી નવેમ્બર ૨૦૨૬ દરમિયાન મંગળનું ભ્રમણ કર્ક સિંહ રાશિમાં સારું નથી વાદવિવાદથી બચવું અને સમાધાનકારી નીતિ અપનાવી લગ્ન જીવનમાં વાંધો નહીં આવે

કર્કના ગુરુના ભ્રમણ દરમિયાન અવિવાહિતનો માટે લગ્ન થવાના યોગ થાય છે ખાસ કરીને સપ્ટેમ્બર ૨૦૨૬ થી થાય છે પ્રેમ લગ્ન કરનારા માટે યોગો સારા થાય છે છતાં માંગલિક લોકોએ જન્માક્ષર મેળવવા જોઈએ.

**vi શત્રુ કોર્ટ કચેરી:**
વૃષભ રાશી ના જાતકો માટે હિન્ન શત્રુઓથી સાચવો જે પીઠ પાછળ ઘા કરનારા છે. સપ્ટેમ્બર ૨૦૨૬ પછી સિંહ રાશિના ગુરુના ભ્રમણ દરમિયાન જૂના કેસોનો નિકાલ થશે તમારા તરફી ચુકાદો સારો આવશે.

**Vii આરોગ્ય:**
આ વર્ષે એકંદરે આરોગ્ય માટે સારું છે જુના રોગો માટે નિયમિત દવા અને યોગ્ય ખાન પાન જરૂરી છે

**Viii પ્રવાસ:**
આ વર્ષે વિદેશ ભ્રમણના યોગ છે વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જઈ શકે

**ix આર્થિક સ્થિતિ:**
શનિદેવ લાભસ્થાનમાં અને ગુરુદેવનું ભ્રમણ બીજા ત્રીજા સ્થાનમાં આર્થિક પરિસ્થિતિ માં સુધારો બનાવે છે.

**x જમીન મકાન સંપત્તિ:**
વર્ષ દરમિયાન કેતુ તમારા સંપત્તિના સ્થાનમાંથી પસાર થાય છે તેથી જન્મના ગ્રહો અનુકૂળ હશે તો સંપત્તિના સુખના યોગો થશે.

**xi તમારા સંતાન અને વિદ્યાભાસ:**
વિદ્યાર્થીઓ આ વર્ષે પાસ થવા માટે સખત મહેનત કરવી પડશે સંતાન સુખમાં બાધા છે. તમે તમારો જૂનો અભ્યાસ છોડ્યો હોય તો પૂરો કરી શકશો.

## મિથુન (ક, છ, ઘ)

**i** મિથુન રાશિ માટે ગુરુનું ભ્રમણ તમારા ચંદ્ર પરથી પછી ધન સ્થાનમાં અને તૃતીય સ્થાનમાં થઈ રહ્યું છે આ ભ્રમણ શુભ કારક છે નવા કાર્ય થાય અવિવાહી તો માટે વિવાહ ના યોગ છે સંતાન સુખ માટે સારું છે.

**ii** મિથુન રાશિ માટે શનિદેવ દસમા કેન્દ્રસ્થાન કર્મસ્થાન પરથી પસાર થઈ રહ્યા છે જે સખત પરિશ્રમ કરાવીને સફળતા આપશે.

**iii** મિથુન રાશિ માટે રાહુ દેવ ભાગ્ય સ્થાનમાં પસાર થઈ રહ્યા છે પિતૃદોષનું નિર્માણ થઈ રહ્યું છે તીર્થસ્થાનમાં નારાયણ બલી કરાવવાથી લાભ થશે.

**iV માનસિક શારીરિક સુખાકારી:**
ચંદ્ર પરથી ગુરુનું ભ્રમણ માનસિક શાંતિ સારી રહેશે જુના રોગમાંથી બહાર આવશો તેથી આપની કામશક્તિ અને આત્મવિશ્વાસ વધીને સફળતા પ્રાપ્ત થાય છે.

**V આર્થિક સ્થિતિ:**
આર્થિક સ્થિતિ પહેલા કરતાં મજબૂત થશે કૌટુંબિક કાર્યમાં ધનફળ થશે જુલાઈ -ઑગસ્ટ ૨૦૨૬ માં ખર્ચ થશે પણ ખર્ચને પહોંચી વળશો.

**Vi નોકરી- વ્યવસાય- વેપાર:**
નો ફરિયાદ માટે પ્રમોશન અને પગાર વધારો થશે વ્યવસાય કરનારા માટે ઉત્તમ વર્ષ છે જ્યારે વેપારીઓ માટે શનિદેવ કર્મ સ્થાનમાં હોવાથી મહેનત કરાવીને લાભ મેળવશો.

**Vii જમીન- મકાન- સંપત્તિ:**
વાહન- મકાન -જમીન જેવી સ્થાવર સંપત્તિમાં થોભો અને રાહ જુઓ ની નીતિ અપનાવો નવા વર્ષમાં આપ એનો ફાયદો મેળવી શકશો.

**Viii લગ્નજીવન- દાંપત્ય સુખ:**
આ અવિવાહિતો માટે મેરેજ યોગ થાય છે વિવાહિતો માટે જીવનસાથી ની તકલીફો નો સામનો કરવો પડશે યોગ્ય નિદાન અને સારવારથી આમાંથી નીકળી શકાશે.

**ix શત્રુ કોટ કચેરી:**
શત્રુઓ હાવી હશે સંરક્ષણાત્મક પગલાંથી શત્રુ ફાવશે નહીં જુના કોર્ટના કેસો એક્ટિવ થશે અને તારીખો પડશે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવો.

**X આરોગ્ય - પ્રવાસ:**
નાની મોટી બીમારીથી પીડાઈ રહ્યા હોય તો મુક્ત થશો દિનચર્યા સુધારવાથી ધ્યાન મેડીટેશનથી અને યોગ્ય ખાન પાનથી આરોગ્ય સારું રહેશે. ધાર્મિક મુસાફરીના યોગો થાય છે. યાત્રાઓ થશે અને તેનાથી લાભ થશે.

**xi સંતાન સુખ વિદ્યાભ્યાસ:**
વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થશે નવી લાઈન લેવાશે સારા શિક્ષકોનું માર્ગદર્શન મેળવશો. સંતાન સુખથી વંચિત દંપતિનું પુત્ર પ્રાપ્તિના યોગ થાય છે. એક સંતાન હોય તેમને બીજા સંતાનનો યોગ થાય છે તમારી સંતની પ્રગતિ કરશે. એકંદરે આ વર્ષ વિદ્યાભ્યાસ માટે સારું છે.

## કર્ક (ડ, હ)

i કર્ક રાશિમાં ગુરુનું ભ્રમણ કર્ક રાશિમાંથી મિથુનમાં 12 મે જાય છે પછી વક્રીએ માર્ગી થઈને કર્ક રાશિમાં આવે છે પછી ૩૧ - ૧૦ - ૨૦૨૬ થી સિંહ માં આવે છે. આ ગુરુનું ભ્રમણ આપને માટે શુભ ફળ આપનાર છે. અને ૧૨ મે ગુરુ જાય ત્યારે ગુરુના ફળ ઓછા થાય છે પરંતુ સિંહ રાશિમાં ગુરુ ૩૧ - ૧૦-૨૦૨૬ પછી આવશે તે નોકરીમાં પ્રમોશન અને લાભકર્તા થશે.

ii કર્ક રાશિ માટે શનિદેવનું ભ્રમણ ભાગ્ય સ્થાન માં થાય છે પનોતી નથી કર્ક રાશિ થી નવમી હોવાથી દંપતી સુખ સારો જીવનસાથી નો ભાગ્યોદય અને શની ત્રીજી અને 10 મી દ્રષ્ટિથી પૂર્વ જન્મના પેન્ડિંગ કર્મો પૂરા કરવાનો સમય છે જે સારા નરસા પરિણામ આપી શકે.

iii **કર્ક રાશિ માટે રાહુનું ભ્રમણ:**

કર્ક રાશિ માટે આઠમે રાહુ નું ભ્રમણ થાય છે જે ઓચિંતા સારા-ખરાબ ફળ આપે છે. સ્વાસ્થ્યને ધ્યાન રાખવું ક્રોનિક રોગોથી બચવું.

iv **માનસિક - શારીરિક સુખાકારી:**

આઠમો રાહુ અને બારમે ગુરુનું ભ્રમણના કારણે શારીરિક તકલીફ આવી શકે પણ કર્ક/સિંહ ના ગુરુ દરમ્યાન યોગ્ય નિદાન થઈને સારું ફળ આપશે. માનસિક ચિંતાઓ રહેશે. દિનચર્યા સુધારવી માનસિક શાંતિ મળશે.

v **આર્થિક સ્થિતિ:**

આર્થિક સ્થિતિ એકંદરે સારી રહેશે ખર્ચાઓને પહોંચી શકાશે જરૂર પડે ત્યારે આવક ઊભી થશે.

vi **નોકરી- વ્યવસાય- વ્યાપાર:**

નોકરીમાં પ્રગતિ પ્રમોશન બતાવે છે. વ્યવસાયમાં નીતિ પ્રમાણે ચાલવાથી વાંધો નહીં આવે વ્યાપારમાં ચડાવ- ઉતાર પહેલા બાંધેલી ગુડવીલ કામમાં આવશે થોડા ફેરફારો કરવા જરૂરી છે.

Vii **જમીન મકાન સંપત્તિ:**

જૂનું મકાન વાહન ખરીદી શકો સંપત્તિમાં વધારો થાય પણ પોતાની ફેમિલીમાં ખટરગ થી બચવું.

Viii **લગન જીવન દાંપત્ય સુખ:**

અવિવાહીતો માટે લગ્ન થવાના યોગ છે. લગ્ન પછી ભાગ્યોદય થાય લગ્નજીવનમાં બિનજરૂરી સંવાદો ટાળવા ચર્ચાથી સમસ્યાનો ઉકેલ લાવવો.

ix **શત્રુ- કોર્ટ -કચેરી:**

શત્રુ પર વિજય મેળવી શકો. કોર્ટના કેસો લંબાય. વકીલ બદલવાથી કોર્ટનો કેસોનું જલ્દી પતાવટ થાય.

x **આરોગ્ય પ્રવાસ:**

ક્રોનિક રોગો ન થાય તેવી દિનચર્યા ગોઠવવી અને ધ્યાન મેડિટેશન કરવાથી આરોગ્ય સારું રહેશે પ્રવાસન યોગો થયા છે. ધાર્મિક યાત્રાઓ કરી શકો.

xi **સંતાન સુખ વિદ્યાભ્યાસ:**

નવદંપતીને સંતાન પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ માટે આ વર્ષ પ્રગતિનું છે. નવી લાઈન ભણવા માટે પસંદ કરવી પડશે. વિદ્યાભ્યાસ માં પ્રગતિ થશે. સંતાનો માં પ્રગતિ થશે. સંતાનો સફળતા મેળવશે અને આગળ વધશે.

## સિંહ (મ, ટ)

i સિંહ રાશિના જાતકોને ગુરુનું ભ્રમણ 11 12 અને એક સ્થાનમાં થાય છે તેમાં 11 માં સ્થાનમાં અને પહેલા સ્થાનનું ગુરુનું ભ્રમણ સારું છે જાત જાતના લાભ મળે સંતાન વિદ્યાભાસ માટે સારા ફળો અને ભાગ્ય વૃદ્ધિ પિતાનું સુખ વગેરે માટે ઉત્તમ છે બારમાં ગુરુમાં ખર્ચાઓ ધાર્મિક યાત્રાઓ અને રોગ પ્રતિકારક શક્તિ સાતમી દૃષ્ટિ છઠ્ઠા સ્થાનમાં હોવાથી ઘટી જાય આરોગ્ય બાબતે સાચવવું પડે.

ii સિંહ રાશિ માટે શનિદેવનું ભ્રમણ આઠમા સ્થાનમાં છે જેથી નાની પનોતી લોખંડના પાયે કાટદાયક છે પૂર્વ જન્મ ના પેન્ડિંગ કર્મો સામે આવી કષ્ટ હિસાબ માંગે. રોગ શત્રુથી સાચવવું હનુમાનજીની ઉપાસના અને શનિદેવની ઉપાસના કરવાથી પીડા ઓછી થાય.

iii સિંહ રાશી માટે રાહુ દેવનું ભ્રમણ સાતમા સ્થાન પરથી પસાર થાય છે લગ્ન જીવનમાં વિખવાદો ટાળો. ગેરસમજો થશે. બુધવારના દિવસે રાહુ કવચ અને રાહુ સ્ત્રોત નો પાઠ કરવાથી હળવાશ અનુભવાશે.

iv **માનસિક શારીરિક સુખાકાર:**

રાહુ દેવનું ભ્રમણ અને શનિદેવની નાની પનોતી માનસિક શાંતિ હણી લેશે તેથી ઉપાસના, પ્રાર્થના, ધ્યાન, મેડીટેશન, કસરત કરવાથી, જીમ જોઈન કરવાથી શારીરિક અને માનસિક સુખાકારીમાં વધારો કરી શકાશે.

v **આર્થિક સ્થિતિ:**

આર્થિક સ્થિતિ શનિ મહારાજની સાતમી દ્રષ્ટિ ધન સ્થાન પર છે નોકરી વાળાની સ્થિતિ સારી રહેશે ગુરુનું ભ્રમણ સારું હોવાથી આર્થિક સ્થિતિમાં પ્રગતિ થશે.

vi **નોકરી વ્યવસાય વેપાર:**

વ્યવસાયને વેપાર વાળાને હરીફો થી ચેતાવું ધંધામાં સામાન્ય

ચડતી પડતી આવે નોકરી વાળાને પોતાનું પર્ફોર્મન્સ બતાવવા કરવું પડે.

**Vii જમીન -મકાન- સંપત્તિ:**

જમીન મકાન સંપત્તિમાં વધારો થાય નવું વાહન અને ઘર ખરીદી શકો સંપત્તિ સ્થાન પર ગુરુની દ્રષ્ટિ હોવાથી લાભ થશે

**Viii લગ્નજીવન દાંપત્ય સુખ:**

ચડાઉ ઉતરી થયા કરે વાદવિવાદ ટાળવા પતિ પત્ની વચ્ચે ગેર સમજણો થાય બુદ્ધિપૂર્વક તેમાંથી બહાર આવી જવું તો લગ્નજીવન જળવાઈ રહેશે.

**ix શત્રુ -કોર્ટ -કચેરી:**

હરીફ વર્ગ વધશે હીન્ન ના શત્રુઓથી સાવચેત રહેવું કોર્ટના કેસો લંબાવ્યા કરે છેવટે વિજય તમારો થશે.

**x આરોગ્ય પ્રવાસ:**

એકંદરે આરોગ્ય નબળું રહ્યા કરે યોગ્ય દવા અને યોગ્ય નિદાનથી તેમાંથી બહાર આવશો માનસિક આરોગ્ય જાળવવી જરૂરી છે પ્રવાસો ધાર્મિક યાત્રાઓ થાય યાત્રાઓ કરશો તો બીજા પાછળ ખર્ચ નહીં થાય.

**xi સંતાન વિદ્યાભ્યાસ:**

પાંચમો સ્થાન માલિક ગુરુ ત્રણ રાશિમાંથી પસાર થાય છે સંતાન વિહીન દંપત્તિને સંતાન સુખ મળે જેને મોટા સંતાનો હોય તે આગળ ઉચ્ચ અભ્યાસમાં ફોરેન જઈ શકે, તમારી વિદ્યાર્થી અવસ્થા હોય તો ઉત્તમ પરિણામો પ્રાપ્ત કરી શકો. મહેનત કરવાથી ચોક્કસ લક્ષ પર પહોંચી શકશો.



## કન્યા (પ,ઠ,ણ)

**i** કન્યા રાશિ માટે દેવગુરુ બૃહસ્પતી ૧૦, ૧૧,૧૨ માં સ્થાનથી ભ્રમણ કરે છે ૩૧-૧૦-૨૦૨૬ પછી ગુરુદેવ તમારા માટે નિર્બળ થાય છે. એટલે એ પહેલા ૧૦, ૧૧ માં સ્થાનમાં તેમનું ભ્રમણ લાભકારી થાય છે.

**ii** કન્યા રાશિ માટે શનિદેવ સાતમા સ્થાનમાં વર્કી/માર્ગી થયા કરે છે એટલે કાર્યમાં રૂકાવટ કરે છે. પરિશ્રમ પછી કાયદો કરાવે છે. એટલે શનિદેવ અનુકૂળ કરતાં પ્રતિકૂળ વધારે રહેશે.

**iii** રાહુ છઠ્ઠા સ્થાનમાં થઈ રહ્યું છે છઠ્ઠા સ્થાનમાં રાહુ સારુ ફળ આપે છે શત્રુઓ ઉભા થાય છે પરંતુ તેઓ વિજયી નિવડતા નથી.

**iv શારીરિક -માનસિક -સુખાકારી:**

જુલાઈ પછી મંગળની દ્રષ્ટિ તમારી રાશિ પર પડશે શનિદેવની પણ દ્રષ્ટિ પડે છે તમારી રાશિ પર એટલે કામના બોજાથી તમે થાકી જાઓ સાઉન્ડ સ્લીપ આવે નહીં. કેટલાક રોગોનું તમારે નિદાન થાય અને દવા ચાલુ થાય એટલી મનોબળ મજબૂત થાય એવા ઉપાયો મેડીટેશન, પૂજા, જાપ ચાલુ રાખવું અને કસરત કરવી વગેરે કરવાથી સારા પરિણામ પ્રાપ્ત થશે.

**v આર્થિક સ્થિતિ:**

નાણાકીય સ્થિતિ મજબૂત રહેશે કૌટુંબીક કાર્યમાં શુભ ખર્ચ થાય આવક વધતી જાય સાથે જાવક પણ થશે.

**vi નોકરી -વ્યવસાય- વેપાર:**

તમારી રાશિથી છઠ્ઠી રાહુ દેવનું ભ્રમણ સારું થઈ રહ્યું છે નોકરીમાં પ્રગતિ થાય પ્રમોશન મળે સારો હોદ્દો મળે વ્યવસાય માટે આવક સ્થિર રહેશે જ્યારે વ્યાપારીઓ માટે નાણાકીય ટર્ન ઓવર વધશે એટલે વેપારીઓની નાણાકીય સ્થિતિ વધારે સારી રહેશે.

**Vii જમીન – મકાન- સંપત્તિ:**

ખુલ્લી જમીન પ્લોટ ખરીદવા ના યોગો થયેલા છે પણ નવું મકાન વાહનમાં આવતા વર્ષે લાભ થશે એકંદરે સંપત્તિમાં વધારો થશે પણ લાભ પછી મળશે.

**Viii લગ્નજીવન:**

તમારી રાશિથી સાતમા સ્થાનમાં શનિદેવનું ભ્રમણ થઈ રહ્યું છે જે શુભ ફળ આપશે પણ તમારા સ્પાઉસ ને શારીરિક તકલીફ પણ આપશે સમજાવટથી ગેર સમજણ દૂર થશે અને લગ્ન જીવનમાં સફળતા પ્રાપ્ત થશે.

**ix શત્રુ કોર્ટ કચેરી:**

શત્રુઓ ઉભા થશે પણ ફાવશે નહીં. કોર્ટ કચેરીના કેસો ચાલ્યા કરશે પણ એના અંત તમારી ફેવરમાં આવશે

**x આરોગ્ય પ્રવાસ:**

આરોગ્યમાં ચડાવ ઉતાર થશે યોગ્ય નિદાન અને સારી દવા મેળવીને સારું આરોગ્ય પણ કરી શકો. પ્રવાસના યોગો સારા થયા છે ધાર્મિક સ્થળોની મુલાકાત લેવાના યોગ થયા છે

**xi સંતાન અને વિદ્યાભ્યાસ:**

વિવાહિત યુગલો ને સંતાન પ્રાપ્તિના યોગ થયા છે અને અવિવાહીતો ને વિવાહ થવાના યોગ ચાલી રહ્યા છે. કોઈ ડિગ્રી પરીક્ષા સિવાયની પરીક્ષાઓમાં સફળતા મળશે તમારા સંતાનની શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ થશે.

## તુલા (ર,ત)

**i** તુલા રાશી ના જાતકો ની દેવગુરુ બ્રહ્મસ્પતિ વર્ષની શરૂઆતમાં મિથુન અને કર્ક રાશિમાં ભ્રમણ થાય છે પછી ૩૧-૧૦-૨૦૨૬ થી સિંહ રાશિમાં ગુરુનું ભ્રમણ થાય છે જે ૨૦ થી ૨૨ વર્ષના યુવકોને રોજગાર અપાવે છે અને તેનાથી મોટી ઉમર ની વ્યક્તિઓ ને નોકરી ધંધામાં પ્રગતિ બતાવે છે

**ii** તુલા રાશિ ના જાતકો માટે શનિદેવનું ભ્રમણ છઠ્ઠા સ્થાનમાંથી થઈ રહ્યું છે જે એકંદરે સારું ફળ આપનાર બને છે તુલા રાશિમાં તુલા રાશિ માટે શનિ યોગકારક બને છે એટલે સારો છે પનોતી કોઈ ચાલતી નથી.

**iii** રાહુદેવ પાંચમા સ્થાનમાં કુંભ રાશિમાંથી પસાર થાય છે પાંચમાં સ્થાનમાંથી રાહુ બુદ્ધિ અને કાર્યશક્તિ આપે છે નવા ઇનોવેટિવ કાર્ય કરી શકો અને સમાજમાં તમારી નામના થાય છતાં સંતાન બાબતે અસંતોષ રહ્યા કરે.

**iv** **શારીરિક -માનસિક -સુખાકારી:**
શરીરમાં વાયુના ભ્રમણ થી દુખાવા રહ્યા કરે જુના ક્રોનિક રોગ વધી જાય ખાન પાનમાં ધ્યાન આપવું જોઈએ. માનસિક સુખાકારી ઉત્તમ રહ્યા કરે.

**v** **આર્થિક સ્થિતિ:**
નવા કાર્યોથી ધન મળે ધનેશ મંગળનું બીજા સ્થાનથી શરૂ કરી ૧૦ માં સ્થાન સુધી છે જૂની આવક જળવાઈ રહે અને આવકો તમને મળતી રહે. એકંદરે આર્થિક સ્થિતિ મજબૂત છે.

**vi** **નોકરી -વ્યવસાય- વેપાર:**
નોકરી વાળાને બઢતી મળે. પગાર વધશે. વ્યવસાય વાળા ડોક્ટર, વકીલ, પત્રકાર ને આવકો જળવાઈ રહે અને નવી આવકના સ્ત્રોત ખુલે. ધંધા વ્યાપારમાં નવા વેપારની શરૂઆત થાય નોકર વર્ગની સાચવવાથી ધંધામાં લાભ થશે.

**Vii** **જમીન- મકાન- સંપત્તિ:**
જમીન ખરીદી શકાય. મકાનમાં રોકાણ કરવું નહીં એકંદરે તમે તમારી સંપત્તિ જાળવી શકો. નવું વાહન તમે ખરીદશો.

**Viii** **લગ્નજીવન:**
તુલા રાશિ ના અવિવાહિકોને ૩૧ -૧૦-૨૦૨૬ થી લગ્નના યોગો થાય છે વિવાહિત વ્યક્તિઓને લગ્નજીવન સારું રહેશે છતાં ૧૧ -૫-૨૦૨૬ થી મંગળ મેષ રાશિમાં ભ્રમણ કરે છે વાદવિવાદ ઘેર સમજણથી બચવું.

**ix** **શત્રુ -કોર્ટ- કચેરી:**
માર્ચ - એપ્રિલ ૨૦૨૬ માં મંગળ છઠ્ઠા સ્થાનમાંથી શનિ પરથી પસાર થાય છે. શત્રુ અને હરીફો વધશે. પેન્ડિંગ કેસો ના નિકાલ થતાં વાર લાગે છે છતાં કેસોની અંદર આગળ જતા વિજય તમારો છે.

**x** **આરોગ્ય- પ્રવાસ:**
એકંદરે આરોગ્ય સારું રહે છતાં શરીરમાં દુખાવા થાય, અપચો થાય, યોગ્ય ખાન- પાન , કસરતથી તેમાં રાહત મળે. ગુરુ ધર્મ સ્થાનમાંથી પસાર થઈ રહ્યો છે. ધાર્મિક યાત્રાને આયોજન થાય , ઓળખાણ વધે અને પ્રવાથી ફાયદો થાય.

**xi** **સંતાન વિદ્યાભ્યાસ:**
તમારા સંતાન સાથે ઘેર સમજણ થાય. સંતાનને ત્યાં સંતાનનો જન્મ થાય જેવો હંમેશા નવું શીખનારા છે. તેમના માટે જ્ઞાનની નવી ક્ષિતિજો ખુલશે. સંતાન નાના હોય તો તેમના શિક્ષણ પાછળ ધ્યાન આપવું જરૂરી બને છે. એકંદરે સંતાન વિદ્યાભ્યાસ માટે સ્થિતિ અનુકૂળ છે.

## વૃશ્ચિક (ન, ય)

**i** આ જાતકોને ગુરુદેવ ૮, ૯, ૧૦ સ્થાનમાં ફરી રહ્યા છે જે પ્રગતિ બતાવે છે નવયુવકો ને નોકરી મળે પોતાનો રોજગાર શરૂ કરવા માગતા નવયુવકો પ્લાનિંગ કરીને શરૂઆત કરી શકે.

**ii** શનિદેવનો ભ્રમણ તમારા માટે પાંચમા સ્થાનમાંથી પસાર થાય છે પનોતી નથી સંતાન અને વિદ્યા- અભ્યાસ કરતા લોકો માટે સારું છે સંતાનની પ્રગતિ થાય.

**iii** રાહુ દેવ તમારા ચોથા સ્થાનમાંથી પસાર થાય છે જે અનુકૂળ નથી તમારી કસોટી થાય ઘર વાહનમાં મુશ્કેલી ખર્ચ આવે પોતાના પરિવારમાં ઘેર સમજણ થાય રાહુદેવની ઉપાસના કરવી, રાહુ- સ્ત્રોત કવચનો પાઠ કરવો.

**iv** **શારીરિક- માનસિક – સુખાકારી:**
સ્વભાવમાં ઉગ્રતા આવી જાય ખોટું સહન ના કરી શકો. ગુસ્સા પર કાબુ રાખો નહીં તો રોગના ભોગ બનવું પડશે તમારો ડંખીલો સ્વભાવ તમને નડશે. માનસિક શાંતિ માટે પ્રાણાયામ, યોગા, કસરત અને ધ્યાન કરો.

**v** **આર્થિક સ્થિતિ:**
વર્ષ દરમિયાન ધનેશ ૮,૯,૧૦ સ્થાનમાંથી પસાર થાય છે આર્થિક સ્થિતિ મજબૂત થશે છતાં બચત કરવા માટે લાંબા ગાળાની યોજનામાં નાણા રોકવાથી ફાયદો થાય.

**vi લગ્નજીવન:**
શનિદેવની ત્રીજી દ્રષ્ટિ તમારા સ્પાઉસના સ્થાન પર પડે છે જેની લગ્ન જીવનમાં વિખવાદ થાય વાદવિવાદો ટાળવા.

**Vii શત્રુ -કોર્ટ- કચેરી:**
શત્રુઓ વિજય માટે કોર્ટ કચેરીના કેસોમાં તમારો વિજય થાય આરોગ્ય પ્રવાસ એકંદરે આરોગ્ય સારું રહે છતાં બીપી જેવા રોગ થાય ખાન પાનમાં ધ્યાન આપવું જરૂરી છે. પ્રવાસ માટે ના યોગો સારા છે. ભાગીદાર સાથે મિત્રો સાથે પ્રવાસનું આયોજન કરો લાભ થશે. જુના કેસોનો નિકાલ શત્રુઓ પરાજિત થાય એકંદરે સારી સ્થિતિ છે.

**Viii નોકરી- વ્યવસાય- વ્યવહાર:**
નવ યુવકોને ૧૧-૫-૨૦૨૬ થી નોકરી સારી મળે પણ ચાલુ નોકરી વાળાને પ્રમોશનમાં રૂકાવટ થાય વ્યવસાય કરનારા ને નવી તકો મળે નવા ગ્રાહક મળે. વ્યાપાર વાળાને ઉઘરાણીના નાણા વસૂલ કરવા સાવચેતી રાખવી પડે.

**ix સંતાન વિદ્યા – અભ્યાસ:**
સંતાન ભુવન પરથી શનિદેવનું ભ્રમણ થઈ રહ્યું છે સંતાન સાથે વિખવાદ થઈ શકે છે ગર્ભવતી સ્ત્રીઓએ ડૉક્ટરની સલાહ મુજબ ચાલવું. તમારા માનસ પુત્ર સાથે વિખવાદ થાય પણ પછી એ લોકો સાચા પડે તમારા સંતાનો વિદ્યા-અભ્યાસમાં પ્રગતિ કરી . ખાસ કરીને જેમણે ટેકનિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરી રહ્યા છે તેમના માટે નોકરી વાળા ખાતાકીય પરીક્ષા પાસ કરીને પ્રમોશન મેળવી શકે.

## ધન (ભ, ધ, ફ, ઢ)

**i** ધનુ રાશી ના જાતકોને દેવ ગુરુ બ્રમહસ્પતિ ૭,૮,૯ સ્થાનમાંથી પસાર થાય છે સાતમા સ્થાને પબ્લિક રિલેશન વધે. આઠમાં સ્થાનમાં ગૂઢ વિધ્યાઓમાં મન લાગે. ખર્ચ થાય અને ભાગ્ય સ્થાનમાંથી ગુરુ પસાર થતાં ધારેલી સફળતા મળે.

**ii** શનિ મહારાજ ધનુ રાશિ માટે બે વર્ષની નાની પનોતી લઈને આવ્યા છે જે લોખંડના પાયે કષ્ટદાયક છે પનોતીના ઉપાય કરવા શનિદેવ અને હનુમાનજીની ઉપાસના કરવી.

**iii** રાહુ મહારાજ ધનુ રાશિને ત્રીજે થી ભ્રમણ કરશે જે સારા ફળો આપશે પરાક્રમમાં વધારો થાય નવા કાર્યો થાય મુસાફરી થાય.

**iv માનસિક- શારીરિક -સુખકારી:**
મંગળનું ભ્રમણ માનસિક ચિંતા ઓ કરાવે. ધાર્યું થાય નહીં ઓચિંતાના ખર્ચા અને મુસાફરી કરવી પડે સ્વભાવમાં ઉગ્રતા આવી જાય. ખાનપાનનું ધ્યાન રાખવું અને રોગોથી બચવા પ્રાણાયામ, કસરત વગેરે કરવા.

**V આર્થિક સ્થિતિ:**
આર્થિક સ્થિતિ એકંદરે સારી રહેશે. નવી આવકના સ્ત્રોત ખુલે અને નવા પ્લાન કરી શકો. આયોજન કરીને બચત કરી શકો ગુરુ મહારાજ ૩૧-૧૦-૨૦૨૬ પછી નવમા સ્થાનમાં ભ્રમણ કરશે તેથી આવકની પરિસ્થિતિમાં સુધારો થશે.

**vi નોકરી- વ્યવસાય- વ્યાપાર:**
નોકરી વાળાને પનોતીને અસર હોવાથી ધાર્યું પ્રમોશન થાય નહીં. ખાતું બદલી થાય. વ્યવસાય વ્યાપાર માટે ચડતી પડતી આવીને અને નફાકારક સ્થિતિમાં વધારો થશે.

**Vii જમીન- મકાન -સંપત્તિ:**
જમીન લેવા માટેના યોગ છે મકાન લઈ શકે ૩૧ – ૧૦ -૨૦૨૬ પહેલા સંપત્તિ વધારવાનું આયોજન થઈ શકે, લગ્નજીવન વર્ષની શરૂઆતમાં ગુરુ મંગળ સપ્તમ સ્થાનમાંથી ભ્રમણ કરી રહ્યા છે એકંદરે લગ્નજીવન ઠીક ઠાક કહી શકાય.

**Viii શત્રુ -કોર્ટ -કચેરી:**
છઠ્ઠા સ્થાન પર શનિદેવની દ્રષ્ટિ પડતર કેસોનો હમણાં નિકાલ નહીં થાય. શત્રુઓ હાવી થાય. થોભો અને રાહ જુઓની નીતિ અપનાવો.

**ix આરોગ્ય- પ્રવાસ:**
આરોગ્યની બાબતમાં કાળજી લેવી જરૂરી છે દિનચર્યામાં ફેરફાર કરો. પ્રાણાયામ, કસરત, યોગા, ધ્યાન કરો. પ્રવાસના યોગો થયા છે પ્રવાસ કરવા જરૂરી છે બીજા ખર્ચ નહીં થાય અને ભાગ્ય પલટાય.

**X સંતાન વિદ્યા અભ્યાસ:**
તમારા સંતાન ની પ્રગતિ થશે સંતાન વિહીન દંપત્તિને ૩૧-૧૦-૨૦૬ પછી સંતાનના યોગો છે તમે પોતે વિદ્યાર્થી હોવ તો ટેકનિકલ ક્ષેત્રમાં જોડાઈને અભ્યાસ કરી શકો.

## મકર (ખ, જ)

**i** દેવગુરુ બ્રહસ્પતિ ૬,૭,૮, સ્થાનમાં પસાર થાય છે પત્નીના

સ્વાસ્થ્યની કાળજી લેવી ધાર્મિક ખર્ચ શુભ પ્રસંગો થાય ૩૧-૧૦-૨૦૨૬ થી ગુરુદેવ તમારી રાશિથી આઠમે ભ્રમણ કરે છે ગુરુદેવની ઉપાસના કરવાથી અનિષ્ટ તત્વોથી રક્ષા થશે.

ii શનિદેવ તમારી રાશિથી ત્રીજા ભ્રમણ કરે છે અને સારી સ્થિતિ છે પનોતી નથી નવા કાર્યો કરી શકો. પ્રવાસથી લાભ થાય.

iii રાહુ મહારાજ તમારી રાશિથી બીજા સ્થાનમાં ભ્રમણ કરી રહ્યા છે તમારા કુટુંબમાં સાથે મળવાના યોગ ચાલી રહ્યા છે કુટુંબીઓ સાથે સારી સંવાદિતા રાખવી ૩૧-૧૦-૨૦૨૬ થી રાહુ અને ગુરુ પરસ્પર સામસામે આવશે તે કુટુંબમાં અને તમારી આવકમાં ફેરફારો કરાવશે જન્મના ગ્રહો સારા હશે તો વાંધો નહીં આવે.

iv **શારીરિક- માનસિક- સુખાકારી:**

મંગળ મહારાજ તમારા દેવભૂવનથી સપ્તમ સ્થાનમાં ફરી રહ્યા છે સ્વભાવમાં ઉગ્રતા આવશે રોગ નિર્માણ કરાવશે શાંત રહેવાની જરૂર છે. સતત કામ કરે જાવ તો માનસિક સ્થિરતા આવે નવરા બેસવું નહીં.

v **આર્થિક સ્થિતિ:**

ઓચિંતા ખર્ચાઓ થશે ફરજિયાત બચત યોજનામાં જોડવાથી લાભ થશે એકંદરે આર્થિક સ્થિતિથી ઠીક ઠાક રહેશે.

vi **નોકરી – વ્યવસાય – વ્યાપાર:**

નોકરી વાળા ને પ્રમોશન – પગાર વધારો થશે. વ્યવસાય-વ્યાપાર વાળા માટે વર્ષ ઠીકઠાક રહશે. છતાં નફાકારક સ્થિતિ રહે.

vii **જમીન- મકાન- સંપત્તિ:**

૧૧-૫- ૨૦૨૬ પછી નવીન જમીન અથવા મકાન લઈ શકો સંપત્તિ વધવાના અને સારા ઘરમાં રહેવા જવાના અથવા જૂના મકાનમાં રીનોવેશનના યોગ ચાલી રહ્યા છે.

vii **લગ્નજીવન:**

એકંદરે ગુરુ ૭ – ૮ માંથી ભ્રમણ કરી રહ્યા છે લગ્નજીવનમાં સંવાદિતા જાળવવાની જરૂર છે.

ix **શત્રુ- કોર્ટ- કચેરી:**

લાભ મંગળ શત્રુ સ્થાનને જોઈ રહ્યો છે શત્રુઓ ઉભા થશે હિન્ન શત્રુઓ પાછળ પીઠમાં ઘા મારે સાવધાન રહે જૂના પડતર કેસો ચાલ્યા કરશે ૩૧-૧૦-૨૦૨૬ પછી તેમનો નિકાલ થશે.

x **આરોગ્ય- પ્રવાસ:**

શરીરમાં વાયુ કારણે તકલીફ થાય હૃદય રોગનું ધ્યાન રાખજો મેડિકલ ચેકઅપ કરાવવું પ્રવાસ કરો તો લાભ થશે બીજા ખર્ચા બચી જશે ખાસ કરીને ધાર્મિક યાત્રા ફાયદાકારક છે

xi **સંતાન વિદ્યા અભ્યાસ:**

તમે પોતે ટેકનીકલ ક્ષેત્રમાં અભ્યાસ કરી શકો. ગર્ભવતી સ્ત્રીઓએ તબિયતનું ધ્યાન રાખવું જરૂરી છે ગર્ભપાત ન થાય ડોક્ટરની સલાહ લેવી તમારા સંતાનો આગળ વધશે. શેર બજારમાં સાવચેતીપૂર્વક આગળ વધવું



## કુંભ (ગ,સ,શ,ષ)

i દેવગુરુ બ્રહસ્પતિ તમારી રાશિથી પાંચમે છઠ્ઠી આઠમે ભ્રમણ કરી રહ્યા છે સંતાન પ્રાપ્તિ માટે સંતાનની પ્રગતિ માટે અને સંતાનના ઘરે શુભ પ્રસંગો માટે બ્રહસ્પતિ ફાયદાકારક છે ૩૧-૧૦-૨૦૨૬ વિવાહ ઇચ્છક જાતકોના વિવાહ થશે.

ii શનિ મહારાજ આપની રાશિથી શનિ મહારાજ બીજે સ્થાને ફરી રહ્યા છે સાડાસાતી નો છેલ્લો તબક્કો રૂપાના પાયે હોવાથી આ પનોતી ઘરનો લાભ કરનારી હોવાથી શુભ છે છતાં પનોતીના ઉપાય કરવા.

iii રાહુ મહારાજ આપની રાશિમાંથી ભ્રમણ કરી રહ્યા છે શારીરિક કષ્ટ થાય અને માનસિક શાંતિ છીનવાઈ જાય રાહુ સ્ત્રોત શાંતિ જપ કરવા રાહુ સ્ત્રોત અને કવચ નો પાઠ કરવાથી લાભ થશે.

iv **શારીરિક -માનસિક -સુખકારી:**

કુંભ રાશિના બે માલિક છે એક શનિ અને બીજા રાહુ શનિ મહારાજ નો છેલ્લો તબક્કો કુટુંબ સ્થાનમાંથી થાય અને રાહુ દેવ ચંદ્ર પરથી પસાર થાય છે એટલે શારીરિક રીતે સ્વસ્થ થવું મેડિકલ ચેકઅપ કરાવવું અને માનસિક શાંતિ થાય તેવા પ્રયત્નો કરવા. મૌન પાળવું. ખાન પાનમાં ધ્યાન રાખવું તેમજ પ્રાણાયામ, યોગા અને મેડીટેશન કરવાથી લાભ થશે.

v **આર્થિક સ્થિતિ:**

દેવગુરુ બ્રહસ્પતિ આપણી રાશિથી વર્ષ દરમિયાન ૫,૬,૭ માં ભ્રમણ કરી રહ્યા છે જે આપના માટે ધનેશ છે એટલે આર્થિક સ્થિતિ મજબૂત રહેશે.

vi **નોકરી- વ્યવસાય- વ્યાપાર:**

નોકરીવાળા માટે પ્રમોશન થશે અને પગારમાં વધારો થશે વ્યવસાયિક લોકો માટે નવા ગ્રાહક મળશે કામ વધશે અને વ્યાપારીઓને પણ નફા કારક પરિસ્થિતિ થશે.

**vii જમીન- મકાન- સંપત્તિ:**
પ્રયત્નો કરવાથી નવું વાહન અને મકાન લઈ શકો લોન લઈને પણ મેળવી શકાય.

**viii લગ્નજીવન:**
લગ્નજીવન એકંદરે મધુર રહે છતાં ખોટી દલીલો અને વાદવિવાદથી બચવું ચોથી રહીને મંગળ સાતમે જુએ છે અને બારમે રહીને સાતમે જુએ છે તમારા સ્પાઉસને શારીરિક તકલીફ પણ આવી શકે.

**ix શત્રુ- કોર્ટ- કચેરી:**
વર્ષ દરમિયાન કર્ક રાશિમાંથી ગુરુ ભ્રમણ શત્રુ પરાજિત યોગ બનાવશે છતાં હિત શત્રુઓમાંથી સાચવવું. કોર્ટ કચેરીના કેસો નો નિકાલ પનોતી પૂરી થાય પછી થશે.

**x આરોગ્ય પ્રવાસ:**
આરોગ્યમાં સાચવવું. આ વર્ષે પ્રવાસ ટાળવા. કુળદેવી અને ઈષ્ટદેવ જ્યાં હોય ત્યાં દર્શન કરવા જવું અને પ્રાર્થના કરવી.

**xi સંતાન વિદ્યા- અભ્યાસ:**
સંતાનોની પ્રગતિ થશે વિદ્યા - અભ્યાસમાં સફળતા મળશે. તમે પોતે પણ નવી પરીક્ષાઓ આપી શકો.

## મીન (દ, ચ, ઝ, થ)

**i** દેવગુરુ બ્રહસ્પતિ આપની રાશિથી ચોથે પાંચમે છઠ્ઠે ભ્રમણ કરી રહ્યા છે વર્કી અને માર્ગી થઈ કર્ક રાશિમાં આવશે ત્યારે ચોથા સ્થાનના ખરાબ ફળો માંથી બહાર આવશો પછી સંતાન સુખની પ્રાપ્તિ થાય અને નોકરીમાં ફાયદો થાય. ૧-૬-૨૦૨૬ પછી લાભ થાય.

**ii** શનિ મહારાજ આપણી રાશિમાંથી ભ્રમણ કરી રહ્યા છે સાડાસાતી નો બીજો તબક્કો છે સોનાના પાયે છાતીએ હોવાથી ચિંતા કરાવે છે. પનોતીના ઉપાય કરવા હનુમાનજીની અને શનિદેવની ઉપાસના કરવાથી રાહત થાય.

**iii** રાહુ મહારાજ આપણી રાશિથી ૧૨ મે ભ્રમણ કરી રહ્યા છે આકસ્મિક તકલીફો આવી શકે ખર્ચાઓ થાય જો વિદેશ પ્રવાસ થાય તો આમાંથી બચી શકાય રાહુ શાંતિના ઉપાય કરવા.

**vi શારીરિક -માનસિક -સુખાકારી:**
રાહુ ગુરુ ના ભ્રમણ બરાબર નહીં હોવાથી શારીરિક અને માનસિક સુખાકારીમાં ઉણપ અનુભવો કસરત ધ્યાન મેડીકલ ચેકઅપ કરાવીને ફોલોઅપ કરવાથી લાભ થશે ગુરુ -રાહુ- શનિદેવના જપ કરાવી લાભ મેળવી શકાય.

**v આર્થિક સ્થિતિ:**
ખર્ચાઓ આવશે પણ આયોજન કરવાથી આર્થિક સ્થિતિમાં સ્થિરતા જાળવી શકો. આવક આવવામાં વાંધો નહીં આવે.

**vi નોકરી -વ્યવસાય- વેપાર:**
નોકરીવાળા માટે પ્રગતિ થશે. વ્યવસાય વાળાઓને કામકાજ થતું રહેશે. નવા ગ્રાહક મળશે વેપારી જાતકોને પોતાના ધંધામાં નવી વસ્તુઓ વેચાણમાં મુકવાથી ધંધો વિસ્તારમાંથી લાભ થશે.

**Vii જમીન- મકાન- સંપત્તિ:**
હમણાં જમીન મકાન સંપત્તિ વધારવા પ્રયત્નો કરવા નહીં એ જ સ્થિતિ જાળવી રાખવી.

**Viii લગ્નજીવન:**
લગ્નજીવન સારું રહેશે નવદંપતી ને સંતાન પ્રાપ્તિના યોગો છે જેને સંતાનો છે તેમના સંતાન પ્રાપ્તની થશે એકંદરે સારી સ્થિતિ છે.

**ix શત્રુ -કોર્ટ- કચેરી:**
બારમે રાહુનું ભ્રમણ હોવાથી શત્રુઓ હાવી થશે પડતર કોર્ટના કેસોનો નિકાલ હમણાં નહીં આવે થોભો અને રાહ જુઓને નીતિ અપનાવો.

**x આરોગ્ય- પ્રવાસ:**
આરોગ્ય સાચવવું જરૂરી છે વાયુના રોગોથી બચવું અને જુના ક્રોનિક રોગોની દવા ચાલુ રાખી પ્રવાસ કરવાથી ફાયદો થશે ખાસ કરીને વિદેશ પ્રવાની તક ગુમાવી ન જોઈએ.



ગુજરાતી સામયિક **શબ્દમ** એક વિચાર

# Jyofilkk Mass Media & Communication Pvt.ltd

**સરનામું : એફ-૨૦૩, આસ્થા ઓપલ, નવા વાડજ, અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૧૩.**

## સબસ્ક્રિપ્શન માટેનું ફોર્મ

કિંમત : ₹ 100/-







કિંમત : ₹ 100/-




### ગ્રાહક વિતરણ

| પહેલું નામ | બીજું નામ | છેલ્લું નામ |
|---|---|---|
| | | |

મોબાઇલ નં: ______ ઇમેઇલ: ______

લવાજમ મોકલવાનું સરનામું ______

______

પિનકોડ ______ શહેર ______ રાજ્ય ______

સહી ______

### ગ્રાહક ભુગતાન પ્રાપ્તિ

| પહેલું નામ | બીજું નામ | છેલ્લું નામ |
|---|---|---|
| | | |

મોબાઇલ નં: ______ ઇમેઇલ: ______

લવાજમ મોકલવાનું સરનામું ______

______

પિનકોડ ______ શહેર ______ રાજ્ય ______

સહી ______



સત્યમેવ જયતે
કલાઇમેટ ચેન્જ વિભાગ
ગુજરાત સરકાર





બેટરી સંચાલિત વાહન અપનાવીએ

પેટ્રોલ બચાવીએ તથા પર્યાવરણનું જતન કરીએ.

## વિદ્યાર્થીઓ માટે

# દ્વિ ચક્રી વાહન યોજના

**યોજનાકીય માહિતી તેમજ વાહનોના અધિકૃત ઉત્પાદક, મોડેલ તથા ભાવ GEDA ની વેબસાઈટ**

# www.geda.gujarat.gov.in

**ઉપર ઉપલબ્ધ છે.**

**રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વાહન રૂ. ૧૨,૦૦૦/- ની સહાય**

GEDA
ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY

## ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી

ચોથો માળ, બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક: ફોનઃ ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩ ઇ-મેઇલ: director@geda.org.in


ક્લાઇમેટ ચેન્જ વિભાગ
ગુજરાત સરકાર
બેટરી સંચાલિત વાહન અપનાવીએ
પેટ્રોલ બચાવીએ તથા પર્યાવરણનું જતન કરીએ.
વ્યક્તિ/ સંસ્થા માટે
ત્રિ ચક્રી વાહન યોજના
યોજનાકીય માહિતી તેમજ વાહનોના અધિકૃત ઉત્પાદક, મોડેલ તથા ભાવ GEDA ની વેબસાઈટ
www.geda.gujarat.gov.in
ઉપર ઉપલબ્ધ છે.
રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વાહન રૂ. ૪૮,૦૦૦/- ની સહાય
ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી
GEDA
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY
ચોથો માળ, બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક : ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧, ૫૩ ઈ-મેઈલ : director@geda.org.in

વટ બંધ

## મારો , તમારો અને આપણો અવાજ

# વટબંધ



જીવનની વાતો, લાગણીઓના રંગ અને વિચારની ઊંડાઈ –
હવે સાંભળો “વટબંધ” પોડકાસ્ટમાં.
અહીં દરેક એપિસોડ એક નવી અનુભૂતિ, એક નવી દિશા અને એક વિચારપ્રેરક વાર્તા લઈને આવે છે.
“વટબંધ” એટલે મનથી મન સુધીનો સંવાદ, જ્યાં શબ્દો ફક્ત બોલાતા નથી, અનુભૂતિ રૂપે જીવંત છે.
મિલન છે વિચારોનું, જોડાણ છે
સંબંધોની શરૂઆત છે.

## દર રવિવારે

vat.bandh01 VattBandh BandhVat01



Follow us at : /JNPORT /JNPort /JNPAPort /JNPA - Jawaharlal Nehru Port Authority
For Information, Call JNPA Helpline No. 1800 228 282 www.jnport.gov.in


શબ્દમ
SHABDAM EK VICHAAR

BOOK POST
Printed Matter

To,

From,

If Rittern

101, Angi-4, 1, Rajmugat Society,
Naranpura Cross Road, Naranpura,
Ahmedabad, Gujarat - 380013